MANOGAT • Year 45 • Issue 8 • 25 July 2026 • Aashadh Sud 11, Samvat 2082 • Yugabd 5128 • Price : Rs. 5/- • Pages : 28

# मनोगत



## પેપર લીક કરનાર માટે કડક સજાની જોગવાઈ કરતા કાયદાના બિલને કેબિનેટની મંજૂરી

# પેપર લીક કરનારને ૧૦ વર્ષની સજા, ૧૦ કરોડનો દંડ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓ માટે એક વીડિયો સંદેશ જારી કર્યો હતો તેમાં તેમણે કહ્યું હતું કે પેપર લીક કોઈ મામૂલી વિષય નથી. લાખો વિદ્યાર્થીઓ અને તેમના માતા પિતા માટે તે અત્યંત દર્દનાક મુદ્દો છે.આથી છેલ્લા અઢી મહિનામાં આ મુદ્દે અનેક કડક પગલા લેવામાં આવ્યા છે અને દોષિતોને પકડીને જેલમાં મોકલવામાં આવ્યા છે.

અમારી જવાબદારી હતી કે વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ઓછામાં ઓછા સમયમાં ૨૨ લાખ વિદ્યાર્થીઓ માટે તત્કાળ NEET-UG ની પરીક્ષા યોજીને ૧૯મી જુલાઈએ તત્કાળ પરિણામો જાહેર કરાયા છે.

સરકાર પેપર લીક કરનારને આકરામાં આકરી સજા કરતો કાયદો બનાવશે જેને સંસદમાં વહેલી તકે પસાર કરાશે. સરકારે પેપર લીક કેસના ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ રચવાનું નક્કી કર્યું છે.

કેબિનેટમાં ચર્ચા કરીને આ અંગેનું બિલ તૈયાર કરાશે અને સંસદમાં બીજા અઠવાડીયે સોમવારે તેને પાસ કરાવવા કોશિષ કરાશે.અમે આટલાથી સંતોષ માનીશું નહીં અને તેથી જ ફાસ્ટ ટ્રેક કોર્ટ રચવાના આદેશ આપવામાં આવ્યા છે.

Year : 45, Issue : 8, Pages : 28





## તંત્રીસ્થાનેથી

# વિઘ્નહર્તાને પ્રાર્થના કરીએ કે વિપક્ષને સદ્‌બુદ્ધિ આપે અને સંસદમાં 'વિઘ્નરૂપ' ભૂમિકા ન ભજવી દેશહિત અને પ્રજા કલ્યાણ માટે રચનાત્મક સહયોગ આપે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

સંસ્કૃતના એક શ્લોકમાં બહુ સુંદર વાત કહેવાઈ છે કે, તમામ પ્રશ્નોનો હલ સુમેળભર્યા વાતાવરણમાં થતી હકારાત્મક અને રચનાત્મક ચર્ચામાં જ ક્યાંક છુપાયેલો હોય છે. ઉદાહરણ પણ નજર સામે જ છે. પેપર લીક મુદ્દે ઉપવાસી સાથે આપણા કેન્દ્રીય મંત્રીશ્રીઓએ વારંવાર ચર્ચા કરી, એમની યોગ્ય વાતોને સ્વીકારી, સમજણપૂર્વક ચર્ચા કરી, સ્વાર્થી લોકો આખી ઘટનાને ખોટી દિશામાં લઈ જવાનો પ્રયાસ કરતા હતા તેના પર પૂર્ણવિરામ મુકાવીને યોગ્ય અને જરૂરી નિર્ણયો કર્યા.

પરંતુ કમનસીબે, આ બાળકોને હાથો બનાવીને શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિરોધ કરવાની વર્ષો પછી મળેલી તક તરીકે જોનારા વિપક્ષી નેતાઓ આ વાત સમજી શકતા નથી. સંસદનું સત્ર ચાલે છે ત્યારે તેઓ હકારાત્મક રીતે સંસદમાં ચર્ચા કરે તે જરૂરી છે. દરેક બાબતમાં દેશહિતનો મત વ્યક્ત કરે અને સુશાસન માટે જરૂરી નીતિ-નિયમોના ઘડતરમાં સહકાર આપે તે આવશ્યક છે. ઉપવાસ છાવણીમાં જઈને ભાષણો આપી આવશે, પ્રધાનમંત્રી હાઉસનો ઘેરાવ કરી લેશે, સંસદ બહાર કે જંતરમંતર પર જાણે જાદુ એમણે કર્યો હોય એમ બેગાની શાદી મેં અબ્દુલા દીવાનાની જેમ ગાંડપણ પણ દેખાડી આવશે, પરંતુ જે સંસદમાં આજ બધી બાબતોના કાયદા બનાવવાના છે જ્યાં નીતિઘડતર કરવાનું છે તે સંસદને ચાલવા દેશે નહીં ! શેરીમાં ઊભા રહીને બૂમો જરૂર પાડશે, પરંતુ શાંત ચિત્તે - પૂરો વિચાર કરીને જ્યાં કાર્યપદ્ધતિ ઊભી કરવાનો નિર્ણય કરવાનો છે તે સંસદમાં શોરબકોર કરી તેને ચાલવા દેશે નહીં ! વૈધાનિક કામો કરવા દેશે નહીં ! આવા બે મોઢાનો વિરોધ 'સંવિધાન'ની બુક બતાવીને કરવામાં આવે છે તે બાબત અત્યંત દુ:ખદ અને લોકશાહી મૂલ્યોથી માફ ન કરી શકાય તેવી બાબત બની ગઈ છે.

વિશ્વની યુદ્ધગ્રસ્ત પરિસ્થિતિ, એના કારણે દરેક દેશોની આર્થિક વ્યવસ્થાને લાગેલો અંદાજ પણ ન લગાવી શકાય તેવો લૂણો, અધૂરામાં પૂરી પ્રાકૃતિક આપદામાંથી પસાર થતો સમગ્ર દેશ – આવી વૈશ્વિક અને વાસ્તવિક સ્થિતિની વચ્ચે પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે. વ્યવસ્થા, નિયમો વગેરે બાબતોમાં તંત્રને મર્યાદાઓમાંથી બહાર કાઢવું પણ એક ચેલેન્જ છે જ, પરંતુ આ બધી બાબતોની વચ્ચે આપણી શક્તિ એ આપણું પ્રામાણિક, સમર્થ અને દેશપ્રેમી નેતૃત્વ છે. અને સાથે તમામ પ્રશ્નોના સમાધાન માટે રચનાત્મક ચર્ચા દ્વારા ઉકેલ શોધવાની આપણી હકારાત્મક કાર્યપદ્ધતિ માટેની નીતિ અને સાચી નિયત છે.

આ તબક્કે આવો, 'વિઘ્નહર્તા' – ગણપતીબાપા જે આવી રહ્યા છે એમને પ્રાર્થના કરીએ કે વિપક્ષને સદ્‌બુદ્ધિ આપે અને સંસદમાં 'વિઘ્નરૂપ' ભૂમિકા ન ભજવી દેશહિત અને પ્રજાકલ્યાણ માટે રચનાત્મક સહયોગ આપે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી વિકાસમાં આમૂલ પરિવર્તન માટે શરૂ કરાવેલા અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદના ૬ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ૨૭૧૯ કરોડ રૂપિયા મંજૂર થયા**



# પશ્ચિમ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૮૫૨.૯૩ કરોડ અને પૂર્વ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૫૫૧.૩૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મહાનગરમાં ૬ જેટલા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કુલ ૨૭૧૯.૮૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંજૂર કરેલા આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે પશ્ચિમ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૮૫૨.૯૩ કરોડ, પૂર્વ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૫૫૧.૩૫ કરોડ, અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના ગટર નેટવર્કના પુનર્વસન માટે ૨૯૦.૨૪ કરોડ તથા ઇન્ટેલિજન્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ માટે ૨૧૫ કરોડ અને ૧૨૫ TPDની ઇન્ટીગ્રેટેડ સ્લજ મેનેજમેન્ટ ફેસિલિટી માટે ૪૭૯.૨૫ તેમજ ITMS અને AFCS માટે ૩૩૧.૦૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ કાર્યરત થતાં અમદાવાદ શહેરના ગટર નેટવર્કનું રીહેબીલીટેશન કરીને ગટર ઓવરફ્લો તથા લીકેજ જેવી સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. સમગ્ર ગટર અને સ્ટોર્મ વોટર સિસ્ટમનું રિયલ-ટાઇમ ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સંચાલન શક્ય બનશે. ઉપરાંત, ગટરના સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીના ઉત્પાદનથી પર્યાવરણને અનુકૂળ અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન મળશે.

ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ ITMS અને ઓટોમેટેડ ફેર કલેક્શન સિસ્ટમના કારણે AMTS, BRTS અને મેટ્રો માટે કોમન મોબિલિટી કાર્ડ અને કોમન જર્ની એપ્લિકેશન મારફતે નાગરિકોને સરળ મુસાફરીની સેવા, જાહેર પરિવહન સંબંધિત સચોટ અને રિયલ-ટાઈમ માહિતી, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને રૂટનું કાર્યક્ષમ આયોજન તેમજ આધુનિક ઈન બસ સર્વેલન્સ દ્વારા એન્હાન્સ્ડ ઇન્સીડેંટ મેનેજમેન્ટ સાથે સુરક્ષિત અને સલામત સવારીની સુવિધા મળતી થશે. આ પ્રોજેક્ટ્સ દ્વારા અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ, રિઝિલિયન્ટ અને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થશે. કાર્યક્ષમ, ટકાઉ અને ભવિષ્યલક્ષી શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે તથા નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રાપ્ત થશે. શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સિટિઝન સેન્ટ્રિક, ટેક્નોલોજી બેઈઝ્ડ અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટેનું વિઝન અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત મળેલી આ મંજૂરીથી વધુ મજબૂત બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દેશનાં શહેરોને માર્કેટ આધારિત ધિરાણ અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવા માટે અર્બન ચેલેન્જ ફંડ શરૂ કરવામાં આવેલું છે અને ૫ વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કરોડની કેન્દ્રીય સહાય માર્કેટ લેડ અર્બન ટ્રાન્સફર્મેશન માટે આ ફંડ પૂરી પાડે છે. આ યોજના અન્વયે ક્રિએટિવ રિડેવલપમેન્ટ ઓફ સિટીઝ, સિટીઝ એઝ ગ્રોથ હબ અને વોટર એન્ડ સેનિટેશન એમ ત્રણ વર્ટિકલ્સમાં પ્રોજેક્ટનાં કામો કરી શકાય છે.

ગુજરાતને અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જેનાથી રાજ્યનાં શહેરો દ્વારા કુલ ૨૫ હજાર ૯૦૦ કરોડની રકમનાં કામો અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત હાથ ધરી શકાશે. આ ફંડ અંતર્ગત પ્રોજેક્ટ્સની રકમના ૨૫ ટકા કેન્દ્ર સરકારની સહાય, ૨૫ ટકા રાજ્ય સરકારની સહાય અને બાકીના ૫૦ ટકા મ્યુનિસિપલ બોન્ડ, લોન અથવા PPP દ્વારા ઉપલબ્ધ કરવાની રહે છે. તદ્અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકાને આ ૬ પ્રોજેક્ટ્સ માટે ૬૭૯.૯૫ કરોડની કેન્દ્રીય સહાય તથા ૬૭૯.૯૫ કરોડની રાજ્ય સરકારની સહાય મળશે, બાકીની રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લોનથી મેળવશે.





# દેશને તેની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન મળી

આજે, જીંદ અને હરિયાણાનું નામ ઇતિહાસના પાનામાં અંકિત થઈ ગયું છે. અહીંથી, દેશને તેની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન મળી છે. તમને યાદ આવશે મિત્રો, આપણે હજુ પણ વાંચીએ છીએ અને સાંભળીએ છીએ કે ભારતમાં પહેલી ટ્રેન બોમ્બે અને થાણે વચ્ચે દોડી હતી, જે હવે મુંબઈ તરીકે ઓળખાય છે. એ જ રીતે, ભવિષ્યમાં જ્યારે પણ હાઇડ્રોજન ટ્રેનનો ઉલ્લેખ કરવામાં આવશે, ત્યારે જીંદ, સોનીપત અને હરિયાણાનાં નામ ચોક્કસ યાદ આવશે. ભારતીય રેલવેના આધુનિકીકરણમાં આ મહાન પગલા માટે હું તમને બધાને, સમગ્ર રાષ્ટ્રને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

મિત્રો, જો આપણે રેલવેના ઇતિહાસ પર નજર કરીએ તો, આપણને જાણવા મળે છે કે ૧૯મી સદીની રેલવે સ્ટીમ એન્જિનથી ઓળખાતી હતી. ૨૦મી સદી ડીઝલ અને વીજળીથી ચાલતી ટ્રેનોથી ઓળખાતી હતી. અને હવે, ૨૧મી સદી હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનોથી ઓળખાય છે. આજે, ભારતીય રેલવેએ આ ૨૧મી સદીની ટેકનોલોજીમાં એક મોટું પગલું ભર્યું છે. જીંદ અને સોનીપત વચ્ચે, હાઇડ્રોજન ટ્રેન દોડવાનું શરૂ થયું છે. હાલ માટે, આ યાત્રા ૯૦ કિલોમીટર લાંબી છે, પરંતુ ભવિષ્યમાં, વિસ્તરણ માટે અપાર શક્યતાઓ છે. અમે ખર્ચ કેવી રીતે ઘટાડવો, કાર્યક્ષમતા કેવી રીતે વધારવી તે અંગે સંશોધન ચાલુ રાખીશું અને સંપૂર્ણ તપાસ કર્યા પછી, પગલું દ્વારા પગલું આગળ વધતા રહીશું. હાઇડ્રોજન ટ્રેનો તાજેતરમાં જ વિશ્વમાં અસ્તિત્વમાં આવી છે, લગભગ ૭-૮ વર્ષ પહેલાં. હાલમાં, ફક્ત ૩ કે ૪ દેશો પાસે હાઇડ્રોજન ટ્રેનો ચલાવવાની ક્ષમતા છે. અને તે દેશોમાં પણ, હાઇડ્રોજન ટ્રેનો હજુ પણ તેમના પ્રારંભિક તબક્કામાં છે. પરંતુ ભારતની હાઇડ્રોજન ટ્રેનની ક્ષમતા વિશે સાંભળીને તમને ગર્વ થશે - દરેક ભારતીય ગર્વ અનુભવશે.

## ૧૦ કોચવાળી હાઇડ્રોજન ટ્રેન ચલાવીને વિશ્વમાં ભારતે પોતાનો ધ્વજ રોપ્યો

મિત્રો, જીંદ અને સોનીપત વચ્ચે દોડતી હાઇડ્રોજન ટ્રેન વિશ્વની સૌથી શક્તિશાળી હાઇડ્રોજન ટ્રેન છે. આ હાઇડ્રોજન ટ્રેન ૩,૨૦૦ હોર્સપાવર ધરાવે છે. સૌથી શક્તિશાળી જ નહીં, ભારતની હાઇડ્રોજન ટ્રેન પણ સૌથી લાંબી છે. અન્ય દેશોમાં, હાઇડ્રોજન ટ્રેનો ત્રણ કે ચાર કોચ સાથે દોડે છે. પરંતુ ભારતે, તેના પહેલા જ પ્રયાસમાં, ૧૦ કોચવાળી હાઇડ્રોજન ટ્રેન ચલાવીને વિશ્વમાં પોતાનો ધ્વજ રોપ્યો છે.

મિત્રો, હું તમને ગર્વની બીજી વાત કહી દઉં. ભારતની હાઇડ્રોજન ટ્રેન માત્ર ધુમાડા-મુક્ત નથી, તે મેક ઇન ઇન્ડિયાનું એક ચમકતું ઉદાહરણ પણ છે. આ હાઇડ્રોજન ટ્રેન ભારતીય ઇજનેરો દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે અને એક ભારતીય કંપની દ્વારા બનાવવામાં આવી છે.

મિત્રો, આ હાઇડ્રોજન ટ્રેન અન્ય ટ્રેનોથી સંપૂર્ણપણે અલગ છે. તેને એક અલગ સિસ્ટમ, અલગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે. અહીં જીંદમાં, તેના માટે બધી જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. અને આગામી સમયમાં, અહીં હાઇડ્રોજન ટ્રેનો સંબંધિત વધુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે. હાઇડ્રોજન ટ્રેન નેટવર્કની જરૂરિયાતોને પૂર્ણ કરવા



માટે નવા ફેક્ટરીઓ સ્થાપિત કરવામાં આવશે. આનો અર્થ એ છે કે આ ટ્રેન હરિયાણાના યુવાનો માટે રોજગારની ઘણી નવી તકો ઊભી કરશે.

મિત્રો, છેલ્લાં ૧૨ વર્ષોમાં, ભારતીય રેલવેમાં થયેલા મોટા ફેરફારોથી ભારતને બીજો ફાયદો થયો છે. તમે જોઈ શકો છો કે છેલ્લા ઘણા મહિનાઓથી, પશ્ચિમ એશિયામાં - સમગ્ર હોર્મુઝ ક્ષેત્રમાં, ઈરાન અને ખાડીમાં - યુદ્ધ ચાલી રહ્યું છે. ભારત જે દરિયાઈ માર્ગ દ્વારા આપણા ખેડૂતો માટે મોટા પ્રમાણમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી ગેસ અને ખાતરોની આયાત કરે છે તે જ યુદ્ધનું મેદાન બની ગયું છે, જે કટોકટીઓથી ઘેરાયેલું છે.

## ભારતની રેલવે અટકી નથી ભારતના વિકાસનું એન્જિન અટક્યું નથી

મિત્રો, જો આવી પરિસ્થિતિ ૨૦૧૪ પહેલાં ઊભી થઈ હોત, તો ભારતની આખી રેલવે વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ હોત. કારણ કે ૨૦૧૪ માં, દેશની મોટાભાગની ટ્રેનો ફક્ત ડીઝલ પર ચાલતી હતી. કલ્પના કરો - જો ડીઝલની આયાત બંધ થઈ ગઈ હોત, તો તે ટ્રેનો કેવી રીતે દોડી હોત? દેશે એક મોટા સંકટનો સામનો કરવો પડ્યો હોત.

પણ મિત્રો, આ ૨૦૧૪ની પરિસ્થિતિ નથી - આ મોદી છે. તેઓ સમય પહેલાં વિચારે છે અને ઉકેલો પણ લાવે છે. જરા કલ્પના કરોઃ ભારતીય રેલવેનું વીજળીકરણ લગભગ એક સદી પહેલા ૧૯૨૫માં શરૂ થયું હતું. ૧૯૨૫થી ૨૦૧૪ સુધી, લગભગ ૯૦ વર્ષમાં, ફક્ત ૩૦ ટકા રેલવે નેટવર્કનું વીજળીકરણ થયું હતું - એક તૃતીયાંશ કરતાં પણ ઓછું. સિત્તેર ટકા હજુ પણ ડીઝલ પર ચાલતું હતું. તે ગતિએ, સંપૂર્ણ વીજળીકરણ સુધી પહોંચવામાં બીજા ૨૦૦-૩૦૦ વર્ષ લાગ્યાં હોત. રેલવેનું વીજળીકરણ કદાચ ક્યારેય ન થયું હોત, અને ટ્રેનો ડીઝલ પર ચાલતી રહી હોત. પરંતુ છેલ્લાં ૧૨ વર્ષોમાં, ભારતના લગભગ ૯૯ ટકા રેલવે નેટવર્કનું વીજળીકરણ થયું છે. હરિયાણામાં, રેલવે નેટવર્ક સંપૂર્ણપણે વીજળીકૃત છે. આ કારણે, યુદ્ધો અને તેલસંકટ છતાં, ભારતની રેલવે અટકી નથી. ભારતના વિકાસનું એન્જિન અટક્યું નથી - ટ્રેનો સતત દોડતી રહી છે.

મિત્રો, રેલ હોય કે રોડ, કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ સુવિધા પૂરી પાડે છે અને વિકાસની ગતિમાં વધારો કરે છે. મિત્રો, તમે જાણો છો કે થોડા દિવસો પહેલાં જ હું ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની મુલાકાત લઈને પાછો ફર્યો હતો. ભારતે ત્યાં ઘણા કરારો પર હસ્તાક્ષર કર્યા હતા, જેની વ્યાપક ચર્ચા થઈ હતી. પરંતુ એક વિષય એવો છે જેના વિશે એટલી ચર્ચા થઈ નથી. મિત્રો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં, મેં તેમની સરકારો સાથે રમતગમત વિશે વ્યાપક ચર્ચા કરી. આગામી સમયમાં, ભારત આ બંને દેશો સાથે રમતગમત ઉદ્યોગ, રમતવીર તાલીમ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે.

મિત્રો, આજે ભારતમાં રમતગમતને ફિટનેસ અને રોજગારનું મુખ્ય માધ્યમ બનાવવામાં આવી રહ્યું છે. અમારી સરકારે નવી રાષ્ટ્રીય રમતગમત નીતિ અને ખેલો ભારત નીતિ બનાવી છે. ખેલો ઇન્ડિયા અભિયાનથી લઈને ટોપ્સ યોજના સુધી, રમતવીરોને અભૂતપૂર્વ સુવિધાઓ અને નાણાકીય સહાય મળી રહી છે.

મિત્રો, હું ફરી એકવાર આપ સૌને અને દેશના લોકોને ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન માટે અભિનંદન આપું છું.

## હાઈડ્રોજન ટ્રેન : ગ્રીન ટ્રાન્સપોર્ટેશનની દિશામાં આધુનિક ક્રાંતિ

વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણીય પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ એક ગંભીર પડકાર બની ચૂક્યા છે. આ પરિસ્થિતિમાં પરિવહન ક્ષેત્રને પ્રદૂષણમુક્ત કરવા માટે વિશ્વભરમાં અવનવા પ્રયોગો થઈ રહ્યા છે. રેલવે ક્ષેત્રે ડીઝલ એન્જિનોના વિકલ્પ તરીકે ઇલેક્ટ્રિક ટ્રેનોનો ઉપયોગ વધ્યો છે, પરંતુ જ્યાં ઈલેક્ટ્રિક લાઇનો નાખવી આર્થિક કે ભૌગોલિક દૃષ્ટિએ શક્ય નથી, ત્યાં એક નવો ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ અમલમાં મૂકવામાં આવ્યા છે. દુનિયાના કેટલાક દેશો દ્વારા હાઈડ્રોજન ટ્રેનનો કોન્સેપ્ટ અમલમાં મુકાયો હતો. હવે આ હાઈડ્રોજન ટ્રેન ભારતમાં વાસ્તવિકતા બની રહી છે. હાઇડ્રોજન ટ્રેન એ ભવિષ્યનું ગ્રીન ટ્રાન્સપોર્ટ છે, જે શૂન્ય કાર્બન ઉત્સર્જન સાથે મુસાફરી કરાવે છે. હરિયાણાના જિંદથી ભારતની પહેલી હાઈડ્રોજન ટ્રેને પોતાની સફર શરૂ કરી છે.

હાઇડ્રોજન ટ્રેન એ એવું રેલ પરિવહન વાહન છે જે પરંપરાગત ડીઝલ અથવા ઓવરહેડ ઇલેક્ટ્રિક લાઇનોને બદલે ઇંધણ તરીકે હાઇડ્રોજન ગેસનો ઉપયોગ કરે છે. આ ટ્રેનમાં હાઇડ્રોજન અને તેના ઉપર પ્રક્રિયા કરતા હાઇડ્રોજન ફ્યુઅલ સેલનો ઉપયોગ કરીને વિદ્યુત ઊર્જા પેદા કરવામાં આવે છે. આ વીજળી ટ્રેનની ઇલેક્ટ્રિક મોટર્સને ચલાવે છે. આ



## ભારતની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન એક ઐતિહાસિક સિદ્ધિ

ભારતીય રેલવેએ વર્ષ ૨૦૩૦ સુધીમાં 'નેટ ઝીરો કાર્બન એમિટર' બનવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી, ચેન્નાઈ દ્વારા ભારતની પ્રથમ સ્વદેશી હાઇડ્રોજન ટ્રેન ડિઝાઇન અને ડેવલપ કરવામાં આવી છે. આ ટ્રેનની ખાસિયતો આ પ્રમાણે છે.

- રૂટ : આ ટ્રેન હરિયાણાના જિંદથી સોનિયત વચ્ચેના ૮૯ કિલોમીટરના રેલવે ટ્રેક પર દોડશે અને રસ્તામાં ૧૨ સ્ટેશનો પર ઊભી રહેશે.
- હાઇડ્રોજન પ્લાન્ટ : આ પ્રોજેક્ટને ઈંધણ પૂરું પાડવા માટે જિંદ ખાતે એક વિશેષ ૩,૦૦૦ કિલો ક્ષમતાનો હાઇડ્રોજન સ્ટોરેજ અને ફ્યુઅલિંગ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે.
- આત્મનિર્ભર ભારત : આ ટ્રેન મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત બનાવવામાં આવેલી બ્રોડગેજ પ્લેટફોર્મ પરની વિશ્વની સૌથી લાંબી અને શક્તિશાળી હાઇડ્રોજન ટ્રેનોમાંની એક છે.
- હાઇડ્રોજન ફ્યુઅલ સેલ પાવર્ડ પાવર સેટ
- ૨૪૦૦ kW કુલ પાવર આઉટપુટ
- કોચની સંખ્યા ૧૦ (૨ પાવર કાર + ૮ પેસેન્જર કોચ)
- અંદાજે ૨,૬૦૦ મુસાફરોની ક્ષમતા (૬૮૨ સીટિંગ ક્ષમતા)
- મહત્તમ ઓપરેશનલ સ્પીડ ૭૫ કિમી/કલાક (ટ્રાયલ સ્પીડ ૧૨૦ કિમી/કલાક સુધીની)
- પ્રોટોન એક્સચેન્જ મેમ્બ્રેન ફ્યુઅલ સેલ, મુખ્ય ઊર્જા સ્રોત
- ગૌણ ઊર્જા સ્રોત, હાઇ-કેપેસિટી લિથિયમ બેટરી બેંક
- ઈંધણ સંગ્રહક્ષમતા, ૩૫૦ બારના દબાણયુક્ત ગેસ સિલિન્ડરો
- શૂન્ય કાર્બન ઉત્સર્જન, માત્ર પાણીની વરાળ અને ગરમી

ટેકનોલોજીની સૌથી વિશિષ્ટ બાબત એ છે કે તે શૂન્ય કાર્બન ઉત્સર્જન કરે છે. જ્યારે હાઇડ્રોજનમાંથી વીજળી બને છે, ત્યારે બાય-પ્રોડક્ટ તરીકે માત્ર પાણીની વરાળ અને ગરમી જ બહાર નીકળે છે. આથી આ ટ્રેનોને પર્યાવરણ માટે સંપૂર્ણપણે સુરક્ષિત માનવામાં આવે છે.

જાણકારોના મતે હાઇડ્રોજન ટ્રેનનું એન્જિનિયરિંગ અત્યંત રસપ્રદ છે. તે કેમિકલ એનર્જીને ઇલેક્ટ્રિકલ એનર્જીમાં રૂપાંતરિત કરવાના સિદ્ધાંત પર કામ કરે છે. આ કામગીરી ઉપર નજર કરીએ તો તેમાં સૌથી પહેલાં ટ્રેનની છત પર અથવા ખાસ ડિઝાઈન કરાયેલા કોચમાં હાઈ-પ્રેશર સિલિન્ડરો રાખવામાં આવે છે. સામાન્ય રીતે આ સિલિન્ડરોમાં હાઇડ્રોજન ગેસને ૩૫૦થી ૭૦૦ બારના ઊંચા દબાણ પર પ્રેશર કરીને ભરવામાં આવે છે. ત્યારબાદ હાઇડ્રોજન ટ્રેનની મુખ્ય શક્તિ તેના પ્રોટોન એક્સચેન્જ મેમ્બ્રેન ફ્યુઅલ (PEMFC)માં રહેલી છે. સ્ટોરેજ ટાંકીમાંથી હાઇડ્રોજન ગેસ આ ફ્યુઅલ સેલમાં મોકલવામાં આવે છે. તે જ સમયે. વાતાવરણમાંથી ઓક્સિજન ગેસ પણ મેળવવામાં આવે છે.

તેની બીજી ખાસિયત એ છે કે, ફ્યુઅલ સેલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી સીધી ટ્રેનની ટ્રેક્શન મોટરને આપવામાં આવે છે. જો કે, ફ્યુઅલ સેલ નિયમિત અને સ્થિર ઊર્જા આપે છે. જ્યારે ટ્રેનને સ્ટેશન પરથી ઉપાડવાની હોય અથવા ચઢાણવાળા વિસ્તારમાં વધુ શક્તિની જરૂર હોય ત્યારે વધારાની ઊર્જા માટે ટ્રેનમાં લિથિયમ-આયન બેટરી બેંક લગાવેલી હોય છે. આ હાઇબ્રિડ પાવર મેનેજમેન્ટ સિસ્ટમ ટ્રેનની ઊર્જા જરૂરિયાતોને સતત સંતુલિત કરે છે. જ્યારે ડ્રાઇવર ટ્રેનને સ્ટાર્ટ કરે છે, ત્યારે કાઇનેટિક એનર્જીનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર થાય છે. આ વીજળી ટ્રેનની બેટરીઓને રિચાર્જ કરવા માટે વપરાય છે, જેનાથી ટ્રેનની એકંદર કાર્યક્ષમતામાં ઘણો વધારો થાય છે.

હાઇડ્રોજન ટ્રેનને ભવિષ્યનું ઈંધણ ગણવાનાં ઘણાં મજબૂત કારણો છે. સૌથી મોટો પ્લસ પોઈન્ટ એ છે કે તે ગ્રીનહાઉસ વાયુઓ મુક્ત કરતી નથી. પરંપરાગત ડીઝલ ટ્રેનો દર વર્ષે હજારો ટન કાર્બન ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ અને પર્ટિક્યુલેટ મેટર હવામાં છોડે છે, જેનાથી વાયુ પ્રદૂષણ વધે છે. હાઇડ્રોજન ટ્રેન આ તમામ પ્રદૂષણથી મુક્ત છે. બીજો મોટો ફાયદો એ છે કે, જે રેલવે લાઈનો ગ્રામીણ વિસ્તાર અથવા ગાઢ જંગલોમાંથી પસાર થાય છે અને જ્યાં મોટા ઓવરહેડ વીજળીના થાંભલા નાખવા આર્થિક કે ભૌગોલિક રીતે શક્ય નથી, ત્યાં આ ટ્રેન ઉત્તમ વિકલ્પ છે. ઇલેક્ટ્રિફિકેશનના અબજો રૂપિયાના ખર્ચ વિના જ ટ્રેનને ક્લીન એનર્જીથી ચલાવી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય બેટરી સંચાલિત ઇલેક્ટ્રિક વાહનો (EVS)ને ચાર્જ થવામાં કલાકોનો સમય લાગે છે. તેની સરખામણીમાં હાઇડ્રોજન ટ્રેનને માત્ર ૨૦થી ૩૦ મિનિટમાં સંપૂર્ણપણે રિફિલ કરી શકાય છે. આ ટ્રેનો મોડેલના આધારે ૬૦૦થી ૧૦૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે.



# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મા ની યાદમાં - ધરતી મા નું ઋણ ઉતારવા ‘એક પેડ મા કે નામ’ની પહેલ કરી અને તે સમગ્ર દેશમાં અભિયાન બન્યું – શ્રી અમિતભાઈ શાહ



આ પ્રસંગે શ્રી શાહે એએમસી રૂ. ૪૦૫ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવા સાથે બી.આર.ટી.એસ. અમદાવાદની ઇલેક્ટ્રિક બસો પણ વર્ચ્યુઅલી લોકાર્પિત કરી હતી. શ્રી શાહના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં કરાયેલ સઘન વૃક્ષારોપણ ઝુંબેશના પરિણામે આ વિસ્તારના ગ્રીન કવરમાં ૧૧.૨૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં નવા ૬૧ ઓક્સિજન પાર્ક ઉમેરાવાથી કુલ ૭૩ ઓક્સિજન પાર્ક અને અમદાવાદ શહેરમાં ૧૦૧ જેટલા ઓક્સિજન પાર્ક ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

શ્રી અમિતભાઈ શાહે કર્ણાવતી મહાનગર તેમજ ગાંધીનગર લોકસભાના તમામ નગરજનોને અભિનંદન પાઠવી સંબોધન કરતાં જણાવ્યું કે, આજે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ૧ કરોડ ૨૫ લાખ વૃક્ષોને રોપિત કરવાનું આયોજન નગરજનોએ કર્યું છે. જ્યારે અમદાવાદ શહેરમાં ૫૦ લાખ વૃક્ષો વાવવાનું અભિયાન અમદાવાદની ત્રણેય લોકસભામાં હરિયાળું આવરણ, સ્વચ્છ હવા તેમજ ગુણવત્તાયુક્ત ભૂમિનું સંરક્ષણ કરવાનું કાર્ય થવાનું છે. તેઓએ કહ્યું કે આ કાર્ય કરવું અશક્ય લાગતું હતું પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, ઉપમુખ્યમંત્રીશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ભાજપાના કાર્યકર્તાઓની સંયુક્ત મહેનતના અંતે આ ૧ કરોડથી વધુ વૃક્ષારોપણ અભિયાન કોઈ ‘નારો’ નહીં બલ્કે ‘જન અભિયાન’ બની ગયું. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલ “એક પેડ માં કે નામ” અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં હરિયાળીનું પ્રમાણ વધારવાનો તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જનજાગૃતિ લાવવાનો છે. આ અભિયાન અંતર્ગત દરેક નાગરિકને પોતાની માતાના સન્માનમાં તેમજ ધરતી માતાના સંવર્ધન માટે ઓછામાં ઓછું એક વૃક્ષ રોપવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો, દેશભરના નાગરિકો દ્વારા આ અભિયાનને ઉત્સાહભેર પ્રતિસાદ મળતાં તે આજે જનભાગીદારીનું એક વિશાળ લોકઆંદોલન બની ગયું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ "પીપલ હેબિટેબલ પ્લેનેટ સાથે પ્રોગ્રેસ"નું સૂત્ર આપ્યું અને તે સૂત્રના આધારે દેશભરમાં અનેક લોકો જોડાયા છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, ભારત સરકારની સેન્ટ્રલ પેરામિલેટ્રી ફોર્સે ૭ વર્ષમાં ૭ કરોડ વૃક્ષ વાવવાનું કાર્ય ગઈકાલે પરિપૂર્ણ કર્યું છે. રોપિત કરાયેલા વૃક્ષોનું આયુષ્ય અંદાજે ૧૦૦ વર્ષ કે તેથી વધુ હોવાના કારણે આવનારી અનેક પેઢીઓ પણ તેના શીતળ છાંયડાનો લાભ મેળવી શકશે. આ રીતે માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે હરિયાળું અને સ્વસ્થ પર્યાવરણનું નિર્માણ કરવાનો સંકલ્પ પણ આ અભિયાન દ્વારા સાકાર થઈ રહ્યો છે. ગાંધીનગર ક્ષેત્રમાં ૧૨ ઓક્સિજન પાર્ક હતા. આજે ૬૧ નવા પ્લાન્ટ એમ કુલ મળીને ૭૩ ઓક્સિજન પાર્ક સ્થાપિત કરવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ આજે ૧૦૧ નવા ઓક્સિજન પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે તેમજ તેના સંરક્ષણ માટે ઈ બુકનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. gandhinagarloksabha.in પર તમામ ૭૩ પાર્ક ઉપલબ્ધ છે. ગાંધીનગર લોકસભાએ ઓનલાઈન અભિયાન ચલાવ્યું તેમાં ૧,૬૭,૮૧૨ લોકોએ પોતાની કોલોનીમાં પાંચ વૃક્ષ રોપિત કરવા અને તેના જતન માટે નોંધણી કરાવી છે જેમને વૃક્ષો



પણ પહોંચાડવામાં આવ્યા છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, કોઈપણ અભિયાનને સફળ બનાવવું હોય, અમદાવાદ કે ગાંધીનગર શહેરને ગ્રીન શહેર બનાવવું હોય તો “જન ભાગીદારી” વગર શક્ય નથી. આ જન ભાગીદારી આવનાર સમયમાં બાકીના તાપમાન કરતા ૫ ટકા તાપમાન ઓછું લઈ આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધતા જતા વાહનો તેમજ અનેક ઔદ્યોગીકરણ ના કારણે કાર્બન ડાયોક્સાઇડ તેમજ કાર્બન મોનોક્સાઇડનું ઉત્સર્જન વધ્યું. વધતા ઉત્સર્જનના કારણે ઓઝોનના પડને ગાબડાં પડવા લાગ્યાં. વૃક્ષારોપણ પર્યાવરણના સંતુલન જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૃક્ષો વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરીને પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા તેનો ઉપયોગ કરે છે અને ઓક્સિજનનું ઉત્સર્જન કરે છે, જેના પરિણામે ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટાડવામાં મદદ મળે છે. આ સાથે જ સ્વસ્થ પર્યાવરણ જાળવવા અને પૃથ્વીના કુદરતી સંતુલનને મજબૂત બનાવવામાં પણ વૃક્ષોનું મહત્ત્વનું યોગદાન છે. વધુમાં વધુ વૃક્ષારોપણ થવાથી પર્યાવરણ સંરક્ષણને વેગ મળશે અને આવનારી પેઢીઓને સ્વચ્છ, હરિયાળું તથા સુરક્ષિત ભવિષ્ય પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. ગ્રીનરી તેમજ પર્યાવરણને બચાવવા માટે એક પેડ માં કે નામ અભિયાન જ એક વિકલ્પ છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સાણંદ, ગાંધીનગર, કલોલ તેમજ અમદાવાદ શહેર કુલ મળીને ૧૧.૨૫ ટકા ગ્રીનરી વધારી છે, આ ગ્રીનરી ૨૦૨૯ સુધીમાં ૨૦ ટકા સુધી વધારવાનું કાર્ય સૌએ સાથે મળીને કરવાનું છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, સમગ્ર દેશમાં સૌથી વધારે સોલર રૂફ ટોપ ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં લાગ્યા છે. તેઓએ એક પણ ઘર કે ફ્લેટ સોલર રૂફટોપ વગર ન રહે તેનું અભિયાન પણ ચલાવવા હિમાયત પણ કરી હતી. તેઓએ કહ્યું કે આજે કુલ રૂ.૪૦૫ કરોડના ખર્ચે ૨૨ કામોના લોકાર્પણ તેમજ ૭ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. કોમ્યુનિટી હોલ, પમ્પીંગ સ્ટેશન પાર્ક, લાઇબ્રેરી, પાર્ક, તળાવો, સ્ટાફ ક્વાર્ટર્સ અને AMTS અને BRTS ની ૩૩૩ નવી ઇલેક્ટ્રિક બસો કાર્બનનું ઉત્સર્જનમાં ઘટાડો કરશે. અમદાવાદની બસો ઇલેક્ટ્રિક કરવાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

શ્રી શાહે લોકસભા ક્ષેત્રનું રિપોર્ટ કાર્ડ રજૂ કરતાં કહ્યું કે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આજ સુધીમાં ૨૮,૪૯૨ કરોડ રૂપિયાનાં વિકાસકાર્ય પૂર્ણ થયા છે. જેમાં ઘાટલોડિયામાં ૭,૩૦૦ કરોડ રૂપિયા, વેજલપુરમાં ૨,૬૭૦ કરોડ રૂપિયા, સાબરમતીમાં ૨,૧૪૯ કરોડ રૂપિયા, નારણપુરામાં ૩,૨૬૨ કરોડ રૂપિયા, સાણંદમાં ૨,૮૦૦ કરોડ રૂપિયા, ગાંધીનગર ઉત્તરમાં ૪,૩૦૦ કરોડ રૂપિયા અને કલોલમાં ૨,૦૦૩ કરોડ રૂપિયાનાં વિકાસકાર્ય પૂર્ણ કર્યાં છે.

શ્રી શાહે અંતમાં પ્રત્યેક સોસાયટીમાં એક પણ ખૂણો કે એક પણ જગ્યા વૃક્ષ વિના ન રહે અને એક પણ ઘર સોલાર રુફટોપ વિના ન રહે તે દિશામાં ઘનિષ્ઠ અભિયાન ચલાવવા સૌ નાગરિકો અને કાર્યકર્તાઓ તેમજ પદાધિકારીઓને અપીલ કરી હતી.

## ‘જન’ સાથે ‘વન’ અને ‘પ્રકૃતિ’ સાથે ‘સંસ્કૃતિ’ જોડવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પર્યાવરણની જાળવણીનું દિશાદર્શન કર્યું છે. ‘જન’ સાથે ‘વન’ અને ‘પ્રકૃતિ’ સાથે ‘સંસ્કૃતિ’ જોડવાનો સંકલ્પ શાહના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યો છે. ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભાના મંત્ર સાથે આજે લોકભાગીદારીથી વિક્રમી વૃક્ષારોપણ થવાનું છે. પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી થનાર સૌને અભિનંદન. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ માટે Back To Basic નો મંત્ર આપ્યો છે. પર્યાવરણ સાથે સંતુલન જાળવણીને જીવન જીવવાની પ્રાચીન પરંપરાઓ અનુસાર તેમણે “Mission Life” નો કોન્સેપ્ટ આપ્યો છે. પાણી, વીજળી, શુદ્ધ હવા તેમજ સ્વચ્છતા જેવા દરેક ક્ષેત્રમાં પર્યાવરણપ્રિય વિકાસનો પ્રધાનમંત્રીશ્રી મોદીજીનો ધ્યેય છે. આજે એક જ દિવસમાં એક સાથે ૪૦૫ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી છે. આદરણીય મોદીજી અને શ્રી અમિતભાઈ શાહજીના નેતૃત્વમાં ઈઝ ઓફ લિવિંગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ આપ્યો છે. વિકસિત ભારત માટે શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં સ્વસ્થ, સ્વચ્છ, ગ્રીન, ક્લીન અને આત્મનિર્ભર હરિયાળું ગુજરાત બનાવવા શ્રી પટેલે અપીલ કરી હતી.



# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર રૂપિયા ૩૧,૦૦૦ કરોડના ખર્ચે ૧,૬૧૦ કિલોમીટર લાંબી ભારત-મ્યાનમાર સરહદ પર વાડ કરી રહી છે - કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ



શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, સ્માર્ટ બોર્ડરના વિઝન પર આધારિત ભારતની સરહદ સુરક્ષા વ્યવસ્થા આગામી વર્ષોમાં વિશ્વની સૌથી આધુનિક બનશે. તેમણે કહ્યું કે, મોદી સરકાર, સંલગ્ન સરહદ રક્ષક દળો, રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્રો, ભારત સરકારના સંબંધિત હિસ્સેદારો અને સ્થાનિક નાગરિકો સાથે મળીને - તેમના પરસ્પર એકીકરણ દ્વારા - એક મજબૂત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનું નિર્માણ કરી રહી છે. શ્રી શાહે ભાર મૂક્યો હતો કે સુરક્ષિત સરહદ, સમૃદ્ધ સરહદી પ્રદેશ અને સતર્ક સમાજ મળીને દેશને સુરક્ષિત બનાવી શકે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, દેશ જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર-પૂર્વમાં નક્સલવાદ અને આતંકવાદથી મુક્ત થયો છે, જે આપણી સામૂહિક સફળતાનું સૂચક છે. તેમણે કહ્યું કે આગામી ત્રણ વર્ષમાં, આપણે માદક દ્રવ્યોના દૂષણને ગંભીર નુકસાન પહોંચાડીશું અને તેના પર પણ વિજય મેળવીશું. તેમણે ઉમેર્યું હતું કે દેશને સંપૂર્ણપણે ઘૂસણખોરી મુક્ત બનાવવા અને ઘૂસણખોરી બિલકુલ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત વ્યવસ્થા બનાવવામાં આવી રહી છે. શ્રી શાહે કહ્યું કે પહેલાં સમસ્યાઓ કાયમી હતી અને ઉકેલો કામચલાઉ હતા. મોદી સરકારમાં, આપણે સમસ્યાઓના મૂળ પર પ્રહાર કરી રહ્યા છીએ અને ઉકેલોને કાયમી બનાવી રહ્યા છીએ.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકારે સરહદી માળખાગત સુવિધાઓમાં રોકાણ ૪૦૦ ટકા વધાર્યું છે અને સરહદ સુરક્ષાને મજબૂત બનાવવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે. તેમણે કહ્યું કે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના છેલ્લા ગામને પોતાનું પહેલું ગામ ગણાવ્યું છે. આ પહેલ હેઠળ, સ્થળાંતર અટકાવવા, રોજગારી પેદા કરવા અને સરકારી કલ્યાણકારી યોજનાઓના ૧૦૦ ટકા અમલીકરણ સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ વસ્તી વિષયક ફેરફારોનો અભ્યાસ કરવા, વસ્તી વિષયક વિકાસમાં ફાળો આપતા અસામાન્ય પરિબળોને ઓળખવા અને ભવિષ્યમાં આવા ફેરફારોને રોકવા માટે પગલાં લેવાની ભલામણ કરવા માટે ડેમોગ્રાફી મિશન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે મોદી સરકાર આ અભિગમ દ્વારા અકુદરતી પરિબળોને કારણે થતી અસામાન્ય વસ્તી વિષયક વૃદ્ધિને રોકવા માટે પ્રતિબદ્ધ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક ફેરફારોનું મુખ્ય કારણ ગેરકાયદેસર ઘૂસણખોરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે સરહદ સુરક્ષાને અભેદ્ય બનાવવા માટે, મોદી સરકારે એક ચતુષ્કોણીય યોજના સ્થાપિત કરી છે, જે ભારતના અભિગમને પ્રતિક્રિયાશીલથી સક્રિયમાં પરિવર્તિત કરે છે. તેમણે કહ્યું કે મોદી સરકાર એક અલગ સરહદ ચોકી પ્રણાલીથી એક સંકલિત સુરક્ષા ગ્રીડ બનાવવા તરફ આગળ વધી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ સરહદી વિસ્તારોમાં અસામાન્ય પરિબળોને કારણે થતા વસ્તી વિષયક ફેરફારોની માહિતી શક્ય તેટલી વહેલી તકે પાયાના સ્તરથી ઉચ્ચતમ સ્તર સુધી પહોંચાડવામાં આવે તે સુનિશ્ચિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર રૂ. ૩૧,૦૦૦ કરોડના ખર્ચે ૧,૬૧૦ કિલોમીટર લાંબી ભારત-મ્યાનમાર સરહદ પર વાડ કરી રહી છે. તેમણે કહ્યું કે સરકારના ઉદ્દેશ્યો પ્રોક્સી યુદ્ધ, ગેરકાયદેસર ઘૂસણખોરી, કટ્ટરપંથીકરણનો ફેલાવો, માદક દ્રવ્યોની હેરફેર, દાણચોરી, ડ્રોન સંબંધિત જોખમો, સાયબર ક્રાઇમ, સંગઠિત અપરાધ અને વસ્તી વિષયક ફેરફારોને રોકવા; સરહદી વિસ્તારોને વધુ રહેવા યોગ્ય બનાવવા; આ પ્રદેશોમાંથી સ્થળાંતર અટકાવવા; અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.



### ‘વન ડે, વન અસેમ્બલી’ના સંકલ્પ અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માનો વ્યારા વિધાનસભાનો પ્રવાસ

# કાર્યકર્તા ભાજપા સંગઠનની કરોડરજ્જુ અને પક્ષની સૌથી મોટી તાકાત છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ‘વન ડે, વન અસેમ્બલી’ના સંકલ્પ અંતર્ગત તાપી જિલ્લામાં સમાવિષ્ટ વ્યારા વિધાનસભાનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. પ્રવાસની શરૂઆત દરમિયાન શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તાપી જિલ્લાના વ્યારા ખાતે ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના ભવ્ય મંદિરના જીર્ણોદ્ધાર કાર્યનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના આશીર્વાદ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરે તેવી મંગલકામના વ્યક્ત કરી હતી. ત્યારબાદ તેમણે ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓ સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિત જીવનશૈલીનો સંદેશ આપ્યો હતો. વ્યારા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ સંવાદમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ ધરતીપુત્રો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીને પર્યાવરણમૈત્રી, જમીનની ઉર્વરતા જાળવી રાખતી તેમજ આરોગ્ય માટે લાભદાયી ખેતપદ્ધતિ ગણાવી તેના વ્યાપક સ્વીકાર પર ભાર મૂક્યો હતો. સાથે જ પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા ખેડૂત મિત્રોના પ્રયાસોને બિરદાવ્યા હતા.

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉનહોલ ખાતે આયોજિત બૂથ સંવાદ કાર્યક્રમમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિધાનસભા વિસ્તારના તમામ બૂથોના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે કાર્યકર્તાઓને સંગઠનની કરોડરજ્જુ અને સૌથી મોટી તાકાત ગણાવ્યા હતા અને તેમના અનુભવો સાંભળ્યા હતા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષશ્રીએ ભાજપાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કરી જનહિતલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જનપ્રતિનિધિઓને પ્રજાની જરૂરિયાતને કેન્દ્રસ્થાને રાખી વધુ સમર્પણભાવથી કાર્ય કરવા તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહેવા આહ્વાન કર્યું હતું.

પ્રવાસ દરમિયાન આયોજિત મોરચા સંયુક્ત બેઠકમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે સંગઠનાત્મક ચર્ચા કરી હતી. તેમણે સંગઠનની શક્તિને વધુ સશક્ત બનાવવા પરસ્પર સમન્વય, સક્રિય કાર્યપદ્ધતિ અને જનસંપર્કને વધુ વેગવાન બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ સેવાભાવ અને સમર્પણની ભાવના સાથે સંગઠનના કાર્યક્રમોને વધુ અસરકારક રીતે જનજન સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને પ્રેરિત કર્યા હતા.

વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથેના સંવાદમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ સંગઠનને મજબૂત બનાવવામાં તેમના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે વરિષ્ઠ કાર્યકર્તાઓના અનુભવો અને સૂચનો ધ્યાનપૂર્વક સાંભળતાં સંગઠનને વધુ મજબૂત બનાવવા સૌના સમન્વય, માર્ગદર્શન અને સક્રિય સહભાગિતા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ તાપી જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે આયોજિત બૃહદ્ સંકલન બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ સંગઠનના વિવિધ હોદ્દેદારો અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. તેમણે સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ બનાવવા, આગામી કાર્યક્રમોની આયોજનબદ્ધ કામગીરી સુનિશ્ચિત કરવા તથા પરસ્પર સંકલનને વધુ અસરકારક બનાવવાના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.



**ગુજરાત પ્રદેશ યુવા મોરચા દ્વારા 'યુવા દિશા-દર્શન સંવાદ' અને 'વિકસિત ભારત શક્તિ સંપર્ક અભિયાન-૨૦૨૬'નો પ્રારંભ**

# યુવા મોરચાનો દરેક કાર્યકર માત્ર રાજકીય કાર્યકર નહીં, પરંતુ સમાજ પરિવર્તનનો સશક્ત દૂત છે – પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



તા. ૧૪ જુલાઈના રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ તથા વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી અને યુવા મોરચાના પ્રભારી શ્રી કિરીટભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચાની વિશિષ્ટ પૂર્ણદિવસીય બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા સંગઠનને વધુ સુદૃઢ અને સક્રિય બનાવવા તેમજ રાજ્યના યુવાનોને શિક્ષણ, કારકિર્દી, નેતૃત્વ, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા સાથે જોડવાના હેતુથી બે મહત્ત્વપૂર્ણ રાજ્યવ્યાપી અભિયાનો 'યુવા દિશા-દર્શન સંવાદ' અને 'વિકસિત ભારત શક્તિ સંપર્ક અભિયાન-૨૦૨૬'ની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન અને સૂચનથી સૌપ્રથમવાર કાર્યકરોના ઘડતર, જ્ઞાનવર્ધન અને વિકાસલક્ષી યોજનાઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરાવવાના હેતુથી બેઠકને સ્ટડી ટૂર સાથે જોડીને અનોખું આયોજન કરવામાં આવ્યું. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી વિઝનથી નિર્માણ પામેલ અને ડ્રીમ પ્રોજેક્ટ તરીકે વિકસિત થયેલી દેશની ફાઇનટેક સિટી ગિફ્ટ સિટીની મુલાકાત આ આયોજનનું મુખ્ય આકર્ષણ રહી હતી.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સંગઠનનો સાચો પ્રભાવ કાર્યકર્તાની ઓળખ, સતત જનસંપર્ક, સેવા અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાથી ઊભો થાય છે. દરેક કાર્યકર્તાએ સતત ક્ષેત્રમાં પ્રવાસ કરી સમાજના વિવિધ વર્ગો સાથે આત્મીય સંબંધો વિકસાવવા, નવા કાર્યકર્તાઓને સંગઠન સાથે જોડવા અને સંગઠનના વિચારોને જનજન સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. સંગઠનની વિચારધારા, સેવા, સમર્પણ અને 'રાષ્ટ્ર પ્રથમ'ના સંકલ્પને આત્મસાત્ કરીને યુવા મોરચાના કાર્યકર્તાઓએ દરેક બૂથ સુધી સંગઠનને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે કાર્ય કરવું જોઈએ.

યુવા મોરચાના પ્રભારી શ્રી કિરીટભાઈ પટેલે સ્વચ્છ ભારત અભિયાન અને 'મન કી બાત' કાર્યક્રમના આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુવા મોરચાની ટીમ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા કરી અને દરેક કાર્યકર વધુ સમર્પણ અને મહેનત સાથે કાર્ય કરીને જનસંપર્ક અભિયાનને સફળ બનાવે તે માટે માર્ગદર્શન આપ્યું.

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પમાં યુવા શક્તિને કેન્દ્રસ્થાને રાખી છે. યુવાનોને માત્ર વિકાસના સાક્ષી નહીં, પરંતુ વિકાસના સક્રિય સહભાગી, પરિવર્તનના વાહક અને રાષ્ટ્રનિર્માણના મુખ્ય શિલ્પી બનાવવાનો ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુવા દિશા-દર્શન સંવાદ' યુવાનોને યોગ્ય કારકિર્દી, કૌશલ્ય અને ભવિષ્યની નવી તકો સાથે જોડશે, જ્યારે 'વિકસિત ભારત શક્તિ સંપર્ક અભિયાન-૨૦૨૬' રાજ્યની યુવા બહેનોને નેતૃત્વ, લોકભાગીદારી અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સક્રિય સહભાગી બનાવશે. યોગ્ય દિશા મેળવનાર યુવા પોતાનું સફળ ભવિષ્ય ઘડે છે અને સશક્ત નારીશક્તિ સમગ્ર સમાજને નવી ઊર્જા પ્રદાન કરે છે.

**– પ્રશાંત વાળા**





# અંત્યોદયથી સંતૃપ્તિ

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માણસનો વિકાસ ૧00% કવરેજનો લક્ષ્યાંક

### દૃષ્ટિકોણ અને ઉદ્દેશ્ય અંત્યોદયમાંથી સંતૃપ્તિ

**મૂળમંત્ર**

- માત્ર યોજનાઓ જ નહીં, પરંતુ 'જનકલ્યાણ અને સશક્તિકરણ' એ ઉદ્દેશ્ય છે.
- માત્ર લાભાર્થીઓ જ નહીં, પરંતુ જવાબદાર અને સહભાગી નાગરિકો બનાવવા માટે.

**દૃષ્ટિ**

- સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ
- સમાજના દરેક વર્ગને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો.

**સંકલ્પ**

- છેવાડાના માનવી સુધી ૧૦૦% કવરેજ.
- એક પણ પાત્ર વ્યક્તિ યોજનાના લાભથી વંચિત ન રહેવો જોઈએ.

**કાર્યકર્તાની ભૂમિકા**

- સરકારી યોજનાઓનો 'અમલ'.
- નીતિઓને લોકો સાથે જોડવી.

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની કલ્યાણકારી યોજનાઓનું વર્ગીકરણ

**પાયાની સુવિધાઓ**

**જીવનની ગુણવત્તા સુધારવા માટે મૂળભૂત આવશ્યકતાઓ**

- PM આવાસ યોજના ૪ કરોડ+ પાકાં મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું
- ૧૫.૬ કરોડ પરિવારોને નળનું પાણી પૂરું પાડવા માટે જલ જીવન મિશન
- PM ઉજ્જ્વલા યોજના ૧૦.૩ કરોડ+ એલપીજી
- સ્વચ્છ ભારત મિશન ૧૧ કરોડ+ શૌચાલયોનું નિર્માણ
- **જીવનધોરણ સુધારવું**



## સલામતી અને સમ્માન

**કટોકટીના સમયમાં પરિવાર માટે નાણાકીય સલામતીનું કવચ**

- આયુષ્માન ભારત યોજના રૂા. ૫ લાખની મફત સારવાર / ૪૩.૪ કરોડ કાર્ડ
- PM સુરક્ષા/ જીવન જ્યોતિ વીમા અકસ્માત અને જીવન વીમા સુરક્ષા
- પ્રધાનમંત્રી શ્રમ યોગી માનદ વેતન રૂા. ૩૦૦૦ માસિક પેન્શન ૬૦ વર્ષ પછી
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના ગર્ભવતી મહિલાઓને રૂા. ૫૦૦૦ સહાય

**સામાજિક સુરક્ષા**

## આવક અને આત્મનિર્ભરતા

**સ્વરોજગાર અને આવકવૃદ્ધિ દ્વારા આર્થિક સશક્તિકરણ**

- PM કિસાન સન્માન નિધિ વાર્ષિક રૂા. ૬,૦૦૦/- / ૧૧ કરોડ+ ખેડૂતો
- PM ફસલ વીમા યોજના ૨૨ કરોડ+ નોંધણી/ જોખમ સુરક્ષા
- PM મુદ્રા યોજના (MUDRA) ૪૦ કરોડ+ લોનનું વિતરણ (ગેરંટી વગર)
- PM સ્વનિધિ (SVANidhi) શેરીવિક્રેતાઓને કાર્યકારી મૂડી

## અમલીકરણ

### માન્યતા

- બૂથ મુજબની યાદી : દરેક બૂથ પર લાયકાત ધરાવતા પરિવારોની યાદી તૈયાર કરવી.
- પાત્રતા ચકાસણી : માપદંડો અનુસાર યોગ્ય લાભાર્થીની ઓળખ.
- દસ્તાવેજ ચકાસણી : આધાર, રેશનકાર્ડ, જમીન રેકોર્ડ, ઉંમર અને અપંગતાનો પુરાવો.

### સંપર્ક અને સહયોગ

- ફોર્મ ભરવું : ઓનલાઇન/ઓફલાઇન ફોર્મ ભરવામાં મદદ કરવી.
- બેંક લિંકિંગ : જન-ધન ખાતા, બેંક લિંકિંગ અને ઇ-કેવાયસીની પ્રક્રિયા પૂરી કરાવવી.
- ઘર-ઘર અભિયાન : વ્યક્તિગત સંપર્કથી સંતૃપ્તિ સુનિશ્ચિત કરવી.

### ટ્રેકિંગ

- ૧૦૦% કવરેજ : એક પણ પાત્ર વ્યક્તિ બાકી ન રહે તે સુનિશ્ચિત કરવું.
- ટ્રેકિંગ : આવેદનની સ્થિતિને ટ્રેક કરવી અને રિજેક્શનનું સમાધાન કરવું.
- સમીક્ષા : માસિક ડેટા સમીક્ષા અને ગુમ થયેલ લોકોને જોડવા.

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની મુખ્ય કલ્યાણકારી યોજનાઓ

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૮૧ કરોડ+ લાભાર્થીઓને મફત રાશન મળી રહ્યું છે
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪ કરોડ+ મકાનોનું નિર્માણ
- DBT (Direct Benefit Transfer) દ્વારા રૂા. ૪૪ લાખ કરોડનું વિતરણ કરવામાં આવ્યું, છેતરપિંડી અટકાવીને રૂા. ૩.૪૮ લાખ કરોડની બચત થઈ
- આયુષ્માન ભારત યોજના હેઠળ ૫૫ કરોડ+ લોકોને દર વર્ષે રૂા. ૫ લાખ સુધીની મફત સારવાર મળશે
- ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર આવકવેરો નહીં
- નારીશક્તિ વંદન અધિનિયમ દ્વારા સંસદ અને



વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩% અનામત

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાંથી ખેડૂતોને દર વર્ષે રૂા. ૬,૦૦૦ની સહાય; અત્યાર સુધીમાં રૂા. ૪ લાખ કરોડનું વિતરણ કરવામાં આવ્યું
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ ૧.૬ કરોડ લોકોને પ્રમાણપત્ર મળ્યું. રોજગારક્ષમતા વધારવા માટે ઉદ્યોગ-યોગ્ય તાલીમ
- જલ જીવન મિશન હેઠળ ૧૫.૭૯ કરોડ પરિવારોને નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં આવે છે

## ભારતની પ્રગતિ અને જનકલ્યાણકારી યોજનાઓના લાભો

- કરપ્શન પર્સેપ્શન ઇન્ડેક્સ (CPI) ૨૦૨૫માં ભારતનું રેન્કિંગ સુધરીને ૯૧મા સ્થાને પહોંચી ગયું છે. આ પાછલા વર્ષની સરખામણીમાં ૫ ક્રમનો સુધારો છે.
- છેલ્લા એક દાયકામાં ભારતમાં ૨૫ કરોડથી વધુ લોકો બહુઆયામી ગરીબીમાંથી બહાર આવ્યા છે
- ફેબ્રુઆરી ૨૦૨૬ના નવીનતમ 'હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ' મુજબ, ભારતીય પાસપોર્ટ ૮૫મા સ્થાનથી ૭૫મા સ્થાને પહોંચી ગયો છે.
- છેલ્લાં ઘણા વર્ષોથી ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. ૨૦૧૪માં ૧૧મા સ્થાનથી શરૂ થઈને, હવે ભારત આગામી વર્ષોમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે.
- ઉજ્જ્વલા યોજના દ્વારા વાર્ષિક લગભગ ૧.૫ લાખ અકાળ મૃત્યુને રોકવામાં મદદ મળી છે અને શ્વસનરોગોથી પીડિત દર્દીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે.

## કિસાનો માટે મુખ્ય યોજનાઓ અને લાભો

### અન્નદાતાથી ઊર્જાદાતા અને ઉદ્યોગસાહસિકતા સુધીની સફર

**PM-KISAN (આવક સહાયતા)**

- રૂા. ૧૧ કરોડ+ ખેડૂત લાભાર્થીઓ
- દરેક પાત્ર નાના અને સીમાંત ખેડૂતને DBT દ્વારા રૂા. ૬,૦૦૦ની વાર્ષિક સીધી સહાય.

**PM કૃષિ સિંચાઈ યોજના (જળશક્તિ)**

- ૯૭ લાખ+ હેક્ટર જમીનમાં સિંચાઈ થઈ
- "એક એક ટીપા દ્વારા વધુ પાક" - સિંચાઈના નેટવર્કનું વિસ્તરણ.

**PM ફસલ બીમા યોજના (સુરક્ષા કવચ)**

- ૭૮.૪ કરોડ+ ખેડૂત કવર
- નુકસાનની ભરપાઈ કરવા માટે રૂા. ૧.૮ લાખ કરોડના દાવાની ચુકવણી કરવામાં આવી છે.

**e-NAM (ડિજિટલ બજાર) (બજાર)**

- ૧.૮ કરોડ+ ખેડૂતોની નોંધણી
- ૧,૫૨૨ બજાર ઓનલાઇન; ૪૪ લાખ કરોડનો વેપાર.

**PM-KUSUM (ઊર્જા)**

- ૨૦.૪૨ લાખ+ સોલાર પમ્પ સ્થાપિત કરવામાં આવ્યા
- અન્નદાતા ને ઊર્જાદાતા બનાવવા; ડીઝલ ફ્રી ખેતી તરફ વધુ એક પગલું.

**સંલગ્ન ક્ષેત્રો (Allied) (વિવિધતા)**

- બ્લૂ રિવોલ્યુશનને પ્રોત્સાહન આપવા માટે PM મત્સ્ય સંપદા યોજના
- પશુપાલન/મરઘાંઉછેર વિકાસ માટે રાષ્ટ્રીય પશુધન મિશન



### રાષ્ટ્રીય ખાદ્યસુરક્ષા મિશન

- ચોખા, ઘઉં, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તકનીકી અને નાણાકીય મદદ.

### લોજિસ્ટિક્સ ક્રાંતિ

- કિસાન રેલ - ૨,000+ સેવાઓ
- PMGSY રોડ - ૧.૨ લાખ કિમી+

### સોઇલ હેલ્થ કાર્ડ

- ૨૫ કરોડ+ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું
- સંતુલિત ખાતરનો ઉપયોગ અને પોષક તત્વોનું વ્યવસ્થાપન.

## મહિલાઓ માટે ગૌરવ, સલામતી અને સશક્તિકરણ

**નારીશક્તિ દ્વારા રાષ્ટ્રશક્તિનું નિર્માણ**

### PM ઉજ્જ્વલા (PMUY) (આરોગ્ય)

- ૧૦.૫૧ કરોડ+ LPG કનેક્શન
- ધુમાડામુક્ત અને સ્વચ્છ રસોડું. મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો.

### NRLM (આજીવિકા) (SHGS)

- ૧૦ કરોડ+ મહિલાઓ જોડાઈ
- રૂા. ૫૮,૦૦૦ કરોડ+ની મૂડીસહાયથી સામૂહિક આવક.

### સ્વચ્છ ભારત મિશન (ગરિમા)

- ૧૨ કરોડ+ શૌચાલયોનું નિર્માણ
- મહિલાઓની સલામતી અને ગૌરવ સુનિશ્ચિત કરવા માટે.

### PM મુદ્રા યોજના (ઉદ્યોગસાહસિકતા)

- ૩૫ કરોડ+ મહિલા લાભાર્થીઓ
- કુલ લોનમાં મહિલાઓનો મોટો હિસ્સો છે, સ્વ-રોજગારને વેગ આપે છે.

### PM આવાસ યોજના (માલિકી)

- ૪ કરોડ + પાકાં મકાનો
- મોટાભાગનાં ઘરોની નોંધણી મહિલાઓના નામે કરવામાં આવી છે. સંપત્તિમાં અધિકાર.

### PM માતૃવંદના યોજના (પોષણ)

- ૪ કરોડ+ લાભાર્થીઓ
- પ્રથમ બાળકને ૫,000 રૂપિયાની આર્થિક સહાય.

### જલ જીવન મિશન

- ૧૫.૭૯ કરોડ+ પરિવારોને પાઇપ દ્વારા પાણી મહિલાઓના સમય અને શ્રમની બચત કરે છે.

### મહિલા ઈ-હાટ

- મહિલા ઉદ્યોગસાહસિકોનાં ઉત્પાદનોને સીધા ઓનલાઈન માર્કેટપ્લેસ સાથે જોડવું

### સામાજિક સુરક્ષા

- બેટી બચાવો બેટી પઢાવો વન સ્ટોપ સેન્ટર (સાક્ષી) PM જન ધન + વીમો

## યુવાનો માટે કૌશલ્ય, રોજગાર અને નવીનતા

**શિક્ષણથી ઉદ્યોગસાહસિકતા સુધી ભવિષ્યનું નિર્માણ**

### PM કૌશલ વિકાસ યોજના (સ્કિલ ઈન્ડિયા)

- ૧.૬ કરોડ+ યુવાનોને તાલીમ આપવામાં આવી
- ૧.૩ કરોડ પ્રમાણિત થયા; ઉદ્યોગને યોગ્ય તાલીમ આપીને રોજગારક્ષમતામાં વધારો.

### સંસ્થાઓનું વિસ્તરણ (શિક્ષણ)

- આઈઆઈટી ૧૬થી વધી ૨૩
- આઈઆઈએમ ૧૩થી વધી ૨૧
- આઈઆઈઆઈટી ૯થી વધી ૨૫



**સરકારી ભરતી (પારદર્શક પ્રક્રિયા)**

- ૧૧ લાખ+ SSC/UPSC/રેલવે
- રોજગાર મેળાઓ દ્વારા મિશન મોડમાં નિમણૂકો.

**સ્ટાર્ટ અપ ઇન્ડિયા (ઇનોવેશન)**

- ૧.૯૭ લાખ+ સ્ટાર્ટઅપ્સ નોંધાયા
- ભારત પાસે હવે ૧૦૦+ યુનિકોર્ન છે; નવીનીકરણ અને રોજગાર સર્જનને પ્રોત્સાહન.

**રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ કાર્યક્રમ**

- ૪૨ લાખ+ એપ્રેન્ટિસ (તાલીમ)
- ઓન-ધ-જોબ ટ્રેનીંગ દ્વારા વ્યવહારુ અનુભવ અને કૌશલ્ય વિકાસ.

**PM રોજગાર સ્વરોજગાર-નિર્માણ અને મુદ્રા યોજના**

- ગેરંટી વગરની લોન દ્વારા સ્વરોજગારને પ્રોત્સાહન.

**તબીબી શિક્ષણ (મેડિકલ)**

- AIIMSનું વિસ્તરણ - ૭ થી વધીને ૨૬ કરવામાં આવી
- મેડિકલ કોલેજોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો, બેઠકોમાં વધારો.

## આરોગ્ય – સાર્વત્રિક કવરેજ દ્વારા વધુ સારું જીવન

**સ્વસ્થ ભારત, સમૃદ્ધ ભારતની દિશામાં એક પગલું**

**આયુષ્માન ભારત (PMJAY) (વીમા કવચ)**

- ૪૨ કરોડ+ કાર્ડ ઇશ્યુ થયાં
- કુટુંબ દીઠ ૫ લાખ રૂપિયાની મફત સારવાર. અત્યાર સુધીમાં ૧૧ કરોડ+ સારવાર કરવામાં આવી છે.

**મિશન ઈન્દ્રધનુષ (ઈમ્યુનાઈઝેશન)**

- ૫.૫ Cr+ બાળકો
- ૧.૩ Cr+ સગર્ભા મહિલાઓ

  સંપૂર્ણ રસીકરણ દ્વારા સ્વસ્થ ભવિષ્યનો પાયો નાખવામાં આવ્યો.

**ઈ-સંજીવની**

- ૩૮ કરોડ+ ટેલિ-કન્સલ્ટેશન
- ઘરે બેઠા ડોક્ટરની ડિજિટલ સલાહ.

**કોવિડ રસીકરણ (સુરક્ષા)**

- ૨૨૦ કરોડ+ ડોઝ આપવામાં આવ્યા.
- વિશ્વનું સૌથી મોટું અને સફળ મફત રસીકરણ અભિયાન.

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (આપત્તિ રાહત)**

- ૮૧ કરોડ+ લાભાર્થીઓ
- કોવિડ રોગચાળા દરમિયાન ગરીબો માટે વ્યાપક રાહત પેકેજ.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ (સુવિધા)**

- AIIMS ૨૨
- મેડિકલ કોલેજ ૩૮૫થી વધી ૮૦૮

**જન ઔષધિ (વાજબી દવા)**

- ૧૭,૯૯૦+ કેન્દ્રો કાર્યરત છે વાજબી કિંમતે જેનેરિક દવાઓ પૂરી પાડીને મધ્યમ અને ગરીબોને મોટી રાહત.

## શ્રમિકો/અસંગઠિત વર્ગ – સલામતી અને સહાય

**શ્રમ દ્વારા શક્તિ, સુરક્ષા દ્વારા સન્માન**

**ઈ-શ્રમ (e-Shram) (રાષ્ટ્રીય ડેટાબેસ)**

- ૩૧ કરોડ+ શ્રમિકોની નોંધણી



- અસંગઠિત શ્રમિકોનો પ્રથમ રાષ્ટ્રીય ડેટાબેઝ જેથી લાભો સીધા તેમના સુધી પહોંચે.

### PM શ્રમયોગી માનધન (પેન્શન) (વૃદ્ધાવસ્થા સુરક્ષા)

- રૂા. ૩,૦૦૦ માસિક પેન્શન
- ૬૦ વર્ષની ઉંમર પછી અસંગઠિત કામદારો માટે ગેરંટીકૃત પેન્શન.

### PM સ્વનિધિ (શેરીવિક્રેતા)

- ૭૧.૫૭ લાખ+ વિક્રેતાઓને લાભ
- કુલ ૯૬ લાખ લોનનું વિતરણ
- ૭ ટકા વ્યાજ સબસિડી
- ૫૫૭ કરોડ ડિજિટલ વ્યવહારો

### PM મુદ્રા (સ્વ-રોજગાર)

- ૫૨ કરોડ+ લોન ખાતાં
- નાના વ્યવસાયો માટે રૂા. ૩૩ લાખ કરોડથી વધુનું ધિરાણ વિતરણ.

### આત્મનિર્ભર ભારત રોજગાર પ્રોત્સાહન (ABRY) (નવી ભરતી)

- ૬૦ લાખ+ નવા કર્મચારી લાભાન્વિત
- કોવિડ પછી નવી ભરતી માટે નોકરીદાતાઓ/ કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન સહાય.

### રાષ્ટ્રીય કેરિયર સર્વિસ પોર્ટલ (કારકિર્દી સેવા)

- ૫.૪૨ કરોડ+ ઉમેદવારો
- ૪૨ લાખ+ નોકરીદાતા
- નોકરી શોધનારાઓ અને આપનારાઓને જોડવા

### વીમા સુરક્ષા (જીવન અને અકસ્માત વીમો)

- ૭૩ કરોડ+ નોંધણી
- જીવન અને અકસ્માત વીમાનું વ્યાપક કવર.

## ટ્રાન્સજેન્ડર અને વિકલાંગ વ્યક્તિઓ માટે

**આદર, સમાવેશ અને સમાન તક માટે સમર્પિત**

### SMILE યોજના (ટ્રાન્સજેન્ડર સમુદાય)

### સામાજિક સુરક્ષા અને આજીવિકા

- ૧૨+ ગરિમા ગૃહ (સલામત આશ્રયસ્થાનો) દેશભરમાં કાર્યરત છે; હજારો ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને નોંધણી અને ઓળખ પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે.

### UDID કાર્ડ (ડિજિટલ ઓળખ)

- અત્યાર સુધીમાં, ૧.૨૫ કરોડ+ યુનિક ડિસેબિલિટી આઈડી (યુડીઆઈડી) કાર્ડ જારી કરવામાં આવ્યા છે, જે દિવ્યાંગજનો માટે રાષ્ટ્ર-એક ઓળખ સુનિશ્ચિત કરે છે.

## લઘુમતીઓ અને દલિતો-આદિવાસી અને વંચિત લોકો માટે

**સામાજિક ન્યાય અને સર્વસમાવેશક વિકાસને સમર્પિત**

### PM જન વિકાસ કાર્યક્રમ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)

#### લઘુમતી વિસ્તાર

- શિક્ષણ, સ્વાસ્થ્ય અને કૌશલ્યવિકાસ માટે માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવું.

### રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને નાણાં નિગમ (ધિરાણ) (નાણાકીય સહાય)

- ૨૫ લાખ+ લાભાર્થીઓ (૮૯% મહિલાઓ)
- રૂા. ૯,૪૮૫ કરોડનું ધિરાણ વિતરણ કરીને સ્વ-રોજગારને વેગ આપવો.

### રાષ્ટ્રીય છાત્રવૃત્તિ પોર્ટલ (શિક્ષણ)

#### પ્રી/પોસ્ટ-મેટ્રિક

- લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય.



### EWS અનામત (સમાન તક)

- ૧૦% અનામત ક્વોટા
- ૧૦૩મો બંધારણીય સુધારો : સામાન્ય વર્ગના ગરીબો માટે શિક્ષણ અને નોકરીમાં સમાન ભાગીદારી.

### એકલવ્ય મોડેલ નિવાસી વિદ્યાલય (આદિવાસી) (શિક્ષણ)

- ૭૨૮ નિવાસી શાળાઓને મંજૂરી આપવામાં આવી
- આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ.

### સંસ્કૃતિ અને કૌશલ્ય:

- USTTAD : પરંપરાગત કળા અને કુશળતા અમારો વારસોઃ સાંસ્કૃતિક સંરક્ષણ

### સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના (SC/ST આંત્રપ્રિન્યોરશિપ)

- રૂા. ૨૯,૦૦૦ કરોડ+ ધિરાણ મંજૂર
- SC/ST અને મહિલા ઉદ્યમીઓને ૧૦ લાખથી ૧ કરોડ સુધીનું ધિરાણ.

### નાણાકીય સહાય

- વંચિત લોકો માટે વિશેષ વેન્ચર કેપિટલ ફંડ્સ અને ક્રેડિટ ગેરંટી યોજનાઓ.

## મધ્યમ વર્ગ રાહત અને સરળતા

### જીવનનિર્વાહ ખર્ચમાં ઘટાડો કરવો અને તકોનું વિસ્તરણ કરવું

### ફેસલેસ આવકવેરા રિટર્ન (પારદર્શિતા)

- ડિજિટલ સેવાઓ (પારદર્શિતા)
- ITR

  ૮૨,૦૦૦+ થી વધુ કેસોનો ફેસલેસ નિકાલ, સમયમાં ૪૦% ઘટાડો અને ૭ કરોડ+ ITR સંપૂર્ણપણે ડિજિટલ રીતે ફાઇલ કરવામાં આવ્યા.
- DBT

  વચેટિયાઓની નાબૂદી; સરકારી સેવાઓની પારદર્શક અને ઝડપી ડિલિવરી.

### PM આવાસ યોજના (શહેરી) (હાઉસિંગ)

- વ્યાજ સબસિડી

  મધ્યમ આવકજૂથ માટે હોમ લોન પર વ્યાજ સબસિડીઃ તમારા ઘરનું સ્વપ્ન સાકાર કરો.

### UPI / ચુકવણી (સુવિધા)

- વિશ્વમાં અગ્રણી ડિજિટલ વ્યવહારો

  કેશલેસ ઇકોનોમી સાથે સરળ જીવન; નાના વેપારીઓથી મોલ્સ સુધી ચુકવણી.

### કર રાહત

- નવી ટેક્સ વ્યવસ્થામાં ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર ઝીરો ટેક્સ મધ્યમ વર્ગને સીધી રાહત.

### ઓપરેશન ગંગા (યુક્રેન) (વિદ્યાર્થી સુરક્ષા)

- યુક્રેન કટોકટી દરમિયાન ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું બચાવ અભિયાન; ૨૨,૫૦૦+ ભારતીય નાગરિકો/ વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા, ૯૦+ ફ્લાઇટ્સ દ્વારા સફળતાપૂર્વક સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

### ઓપરેશન કાવેરી (સુદાન)(સુરક્ષિત વાપસી)

- સુદાનમાં સંઘર્ષ વચ્ચે ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓની સુરક્ષિત વાપસી; ૩,૮૦૦+ ભારતીયોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા, ૧૭ નૌકાદળના જહાજો અને ૫ એરફોર્સ એરક્રાફ્ટ દ્વારા તાત્કાલિક રાહત.



### ઓપરેશન સિંધુ (ઇઝરાયેલ) (ડિઝાસ્ટર આસિસ્ટન્સ)

- અત્યાર સુધીમાં ૧,૩૦૦થી વધુ ભારતીયોને (મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત) બહાર કાઢવામાં આવ્યા છે. ઇઝરાયેલમાં ૧૮,૦૦૦+ ભારતીયો રહે છે, જેમના માટે ચાર્ટર્ડ ફ્લાઇટ્સ અને પડોશી દેશો દ્વારા સલામત કોરિડોર બનાવવામાં આવ્યો છે.

## સફળતાની ગાથા બીજ સબસિડી (DBT)

### ડિજિટલ ક્રાંતિ દ્વારા ખેડૂતોનું સશક્તિકરણ

### લાભાર્થી જૂથ ૭૦,૦૦૦+ ખેડૂતો

- ગોરખપુર વિભાગના હજારો ખેડૂતોને બિયારણની ખરીદી પર સીધા તેમના બેંક ખાતામાં સબસિડીનો લાભ મળ્યો. વચેટિયાઓની ભૂમિકાને નાબૂદ કરવી અને સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવી.
- નાણાકીય સહાય બિયારણ ખર્ચ પર ૫૦ ટકા સીધી સબસિડી

### અગાઉની પરિસ્થિતિ (સમસ્યા)

- સબસિડી મેળવવામાં વધુ પડતો વિલંબ અને અનિશ્ચિતતા.
- ખેતીનો ઊંચો ખર્ચ હોવાને કારણે નફો ઓછો હતો.
- વચેટિયાઓ પર નિર્ભરતાના કારણે પૂરાં નાણાં પ્રાપ્ત થયાં ન હતાં.
- પારદર્શિતાનો અભાવ અને ભ્રષ્ટાચાર માટે અવકાશ.

### DBT પછી (ફેરફાર)

- સીધા બેંક ખાતામાં : કોઈ પણ કપાત વિના પૈસા તરત જ પ્રાપ્ત થાય છે.
- ઉત્પાદન વૃદ્ધિ : સારા બીજ ખરીદવાની ક્ષમતા સાથે વધુ સારો પાક.
- ખર્ચમાં ઘટાડો : સસ્તું બિયારણ ખેતીમાં નફો વધ્યો.
- સ્વાભિમાન : કોઈની સામે હાથ લંબાવવાની જરૂર નથી.

## સફળતાની ગાથા ઉજ્જવલા યોજના

### ધૂમ્રપાનમુક્ત, સ્વસ્થ જીવનની શરૂઆત

### લાભાર્થી પરિવારો

૨.૫ લાખ+ (૮.૫ વર્ષમાં)

- વારાણસીનાં લાખો ઘરોમાં સ્વચ્છ બળતણ પહોંચાડીને મહિલાઓને ધુમાડાથી ભરેલા જીવનમાંથી મુક્તિ મળી છે. તે માત્ર ગેસ કનેક્શન નથી, પરંતુ તે આરોગ્ય સુરક્ષા કવચ છે.
- ધૂમ્રપાન મુક્ત રસોડું

### અગાઉની પરિસ્થિતિ (સમસ્યા)

- લાકડા અને કોલસા પર નિર્ભરતા, બળતણ એકત્ર કરવા માટે સંઘર્ષ.
- ફેફસાં અને શ્વસન સંબંધિત ગંભીર રોગો.
- રસોડામાં જીવલેણ ધુમાડો, આંખો બળવી. રસોઈમાં કલાકોનો બગાડ.

### LPG પછી (પરિવર્તન)

- સ્વચ્છ વાતાવરણ : ધુમાડાથી સંપૂર્ણ મુક્તિ, ઘર પ્રદૂષણમુક્ત.
- સલામતી : આગ અને દાઝી જવાના જોખમને અટકાવવું.
- સ્વાસ્થ્ય સુધારણા : આંખ અને શ્વસન રોગોમાં ધરખમ ઘટાડો.
- સમયની બચત : કુટુંબ અથવા સ્વ-રોજગાર માટે બાકી રહેલો સમય.



## સફળતાની ગાથા
## PMAY + સોલાર એનર્જી

### આદિવાસી પરિવારોને પાકાં મકાનો, વીજળીના બિલથી રાહત મળી

**લાભાર્થી જૂથ**

- પહાડી કોરવા જનજાતિ પરિવાર
- છત્તીસગઢના દૂરના આદિવાસી વિસ્તારમાં, PMAY હેઠળ એક પાકું મકાન મળ્યું અને ૧ કિલોવોટની સોલાર પાવર સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવી, જેનાથી વીજળીની સમસ્યા હલ થઈ ગઈ.
- વીજળીનું બિલ શૂન્ય, સૌરઊર્જા સાથે સંપૂર્ણ આત્મનિર્ભરતા

**અગાઉની પરિસ્થિતિ (સંઘર્ષ)**

- અસ્થિર આવકને કારણે વીજળીનું બિલ ચૂકવવું મુશ્કેલ હતું.
- કાચાં મકાનોમાં સલામતી અને હવામાનનું જોખમ.
- વીજળીની ઉપલબ્ધતા અનિયમિત હતી, અંધારામાં રહેવું પડતું હતું.
- પ્રકાશના અભાવે બાળકોના અભ્યાસમાં વિક્ષેપ પડતો હતો.

**આયોજન પછી (પરિવર્તન)**

- પાકું મકાન + સોલાર : સલામત આવાસ સાથે મફત વીજળી.
- સતત પ્રકાશ : બાળકોના અભ્યાસ અને રાત્રિની સલામતીની ખાતરી.
- નાણાકીય બચત : વીજળીના બિલના પૈસા હવે ખોરાક/શિક્ષણ પર ખર્ચ.
- ગ્રીન એનર્જી : પર્યાવરણને અનુકૂળ અને આત્મનિર્ભર જીવન.

## સફળતાની ગાથા : આયુષ્માન ભારત

### જીવનરક્ષક સર્જરીથી નવી આશા

**લાભાર્થી તુષાર (૧૩ વર્ષ)**

- જન્મજાત હાડકાની ગંભીર સમસ્યાને કારણે તુષાર ચાલી શકતો ન હતો. બાળપણ પથારીમાં મર્યાદિત હતું અને પરિવારને મોંઘી સારવાર પરવડતી ન હતી.
- સારવાર ખર્ચ રૂ. ૦

**અગાઉની પરિસ્થિતિ (સમસ્યા)**

- જન્મજાત હાડકાની ગંભીર વિકૃતિ.
- બાળપણ દીવાલો અને પથારી સુધી સીમિત હતું.
- ખસેડવામાં અસમર્થ : ખસેડવા માટે સંપૂર્ણપણે લાચાર.
- ખાનગી હોસ્પિટલોની ઊંચી કિંમત પરવડે તેમ ન હતી.

**આયુષ્માન પછી (ફેરફાર)**

- સફળ સર્જરી : લાલ હોસ્પિટલમાં મફત ઓપરેશન.
- સુધારણા : સ્વાસ્થ્યમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે.
- સંભાળ : મફત ફિઝિયોથેરાપી અને દવાઓ.
- નવજીવન : વધુ સારા ભવિષ્ય અને આત્મનિર્ભરતા તરફ.

## આયુષ્માન ભારત : દેવું ટાળવું

### મોંઘી સારવારથી મુક્તિ - એક નવું જીવન

- ૪૦ વર્ષીય ગૃહિણી સુખદેવી
- મથુરાની સુખદેવી ઘૂંટણની ગંભીર બીમારીથી પીડિત હતી. નાણાકીય તકલીફ જેના કારણે ઇલાજ અશક્ય હતો, આખો પરિવાર દેવાના દરિયામાં ડૂબી ગયો હતો.



## ભાજપની કાર્યસંસ્કૃતિ (પરિણામો) અને વિપક્ષનું ખોટું ગેરંટી મોડલ

| વિષય | ભાજપની કાર્યસંસ્કૃતિ (પરિણામો) | વિપક્ષનું ગેરંટી મોડલ (સત્ય) |
|---|---|---|
| **વિચારધારા** | અંત્યોદય આધારિત વિકાસ, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, એકાત્મ માનવ દર્શન, રાષ્ટ્ર સર્વોપરી દષ્ટિકોણ, સુશાસન અને મજબૂત રાષ્ટ્રીય સુરક્ષા. | તુષ્ટીકરણની રાજનીતિ, પરિવારવાદ કેન્દ્રિત માળખું, વૈચારિક અસ્પષ્ટતા અને સત્તા કેન્દ્રિત અભિગમ. |
| **વિકાસનું વિઝન** | વિકસિત ભારત@૨૦૪૭ | પરિવાર પ્રથમ મોડેલ : વિકાસને બદલે માત્ર એક પરિવારનાં હિતોને પ્રાથમિકતા આપવી. |
| **આર્થિક વ્યવસ્થાપના** | ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા : ૧૧મા સ્થાનથી ચોથા સ્થાને પહોંચી અને રાજકોષીય ખાધ નિયંત્રિત. | આવક પર બોજ : ભ્રષ્ટાચાર |
| **પારદર્શિતા** | ભ્રષ્ટાચારમુક્ત શાસન : DBT અને ડિજિટલ ઇન્ડિયાએ રૂા. ૩.૪૮ લાખ કરોડની બચત કરી અને વચેટિયાઓને સમાપ્ત કર્યા. | કૌભાંડોનો ઇતિહાસ : વચેટિયા વ્યવસ્થા, ભ્રષ્ટાચારના આક્ષેપોનો ઇતિહાસ, અપારદર્શક નિર્ણયપ્રક્રિયા. |

- બચત (સારવાર ખર્ચ) રૂા. ૩ લાખ સંપૂર્ણ કેશલેસ ઓપરેશન

**પહેલાંથી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ (પીડા અને લાચારી)**

- તીવ્ર દુખાવો અને ચાલવામાં મુશ્કેલી, જીવન મુશ્કેલ છે.
- રૂા. ૩ લાખના ખર્ચમાં જંગી ધિરાણ લેવાનું જોખમ.
- પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી, સારવારનો ખર્ચ અશક્ય. ભવિષ્ય અંધકારમય, રોજિંદાં જીવનકાર્યોમાં પણ લાચાર.

**આયુષ્માન પછી (નવું જીવન)**

- આયુષ્માન કાર્ડ : પ્રયાગ હોસ્પિટલમાં સન્માનજનક સારવાર મેળવી.
- નોર્મલ લાઇફ : પીડાથી મુક્તિ, હવે પોતાનું કામ જાતે જ કરી શકે છે.
- ફ્રી ઓપરેશન : રૂા. ૩ લાખનો ખર્ચ સંપૂર્ણપણે માફ કરવામાં આવ્યો, એક રૂપિયો પણ ખર્ચ થયો ન હતો.
- ધિરાણ સામે સંરક્ષણ: પરિવાર આર્થિક સંકટ અને દેવાની જાળમાંથી બચી ગયો.

## સંકલ્પથી સિદ્ધિ સુધી

**'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ, આ જ નવા ભારતનો મંત્ર'**

**ભાજપની ઓળખ સુશાસન + ભરોસો • કાર્યકર્તાની ભૂમિકા સંપર્ક અને સહયોગ**

**આપણું લક્ષ્ય અંત્યોદયથી 100% સંતૃપ્તિ**





## Vikram-1ની સફળતા સાથે ભારત વૈશ્વિક અંતરિક્ષ શક્તિ તરીકે સ્થાપિત આ ઐતિહાસિક મિશન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઐતિહાસિક અંતરિક્ષ સુધારાઓને સાબિત કરે છે

# ભારત માટે આકાશ હવે મર્યાદા નથી

ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત ઓર્બિટલ લોન્ચ વ્હીકલ, વિક્રમ-૧નું સફળ પ્રક્ષેપણ, ઝડપથી વિસ્તરી રહેલી વૈશ્વિક અંતરિક્ષ અર્થવ્યવસ્થામાં એક ગંભીર વૈશ્વિક ખેલાડી તરીકે ભારતના ઊભરવાને ચિહ્નિત કરે છે અને દેશના અંતરિક્ષ ક્ષેત્રને ખાનગી ભાગીદારી માટે ખોલવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઐતિહાસિક નિર્ણયની શક્તિશાળી સાબિતી તરીકે ઊભું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્કાયરૂટ એરોસ્પેસની ટીમને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યાં હતાં અને તેને ભારતના વિસ્તરી રહેલા અંતરિક્ષ ઇકોસિસ્ટમ માટે ગૌરવપૂર્ણ માઈલસ્ટોન અને દેશની વધતી જતી વૈજ્ઞાનિક ક્ષમતા, સાહસિક ભાવના અને નવીનતા-સંચાલિત વિકાસનું પ્રતિબિંબ ગણાવ્યું હતું.

મંત્રીએ ઇન-સ્પેસ ઈસરો અને અંતરિક્ષ વિભાગને એક સીમલેસ જાહેર-ખાનગી ભાગીદારીનું માળખું બનાવવા બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા જેણે ભારતના અંતરિક્ષ ઇકોસિસ્ટમને બદલી નાખ્યું છે. તેમણે કહ્યું કે વિક્રમ-૧ની સફળતા એ દર્શાવે છે કે કેવી રીતે દૂરંદેશી નીતિ નિર્માણ, વૈજ્ઞાનિક ઉત્કૃષ્ટતા અને સાહસિક પ્રતિભા સાથે મળીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક તકનીકી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

વિક્રમ-૧એ પ્રથમ ઓર્બિટલ મિશન માટે ટેકનોલોજીકલ પરિપક્વતાનું અસાધારણ સ્તર દર્શાવ્યું છે. વિશ્વભરમાં થતાં ઘણાં પ્રથમ પ્રક્ષેપણો કે જે ફક્ત ડમી માસ લઈ જાય છે તેનાથી વિપરીત, વિક્રમ-૧ ભ્રમણકક્ષામાં અદ્યતન તકનીકોની ચકાસણી કરવા માટે ડિઝાઇન કરાયેલ પ્રાયોગિક પેલોડ્સ લઈ ગયું હતું. આ મિશનમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય ભાગીદારોના કસ્ટમર પેલોડ્સ અને ટેકનોલોજી પ્રદર્શનો પણ ઉડાવવામાં આવ્યા હતા, જે ભારતની વ્યાપારી પ્રક્ષેપણ ક્ષમતાઓમાં વૈશ્વિક અંતરિક્ષ સમુદાયના વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

૨૦૨૦માં રજૂ કરાયેલા ઐતિહાસિક સુધારાઓ પછી ભારતની અંતરિક્ષ ઇકોસિસ્ટમમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. થોડાં વર્ષો પહેલા વર્ચ્યુઅલી કોઈ ખાનગી પ્રક્ષેપણ ઇકોસિસ્ટમ ન હોવા છતાં, આજે ભારતમાં ૪૦૦થી વધુ સ્પેસ સ્ટાર્ટ-અપ્સ છે, તેનું પ્રથમ સ્પેસ યુનિકોર્ન છે, અને અંતરિક્ષ અર્થવ્યવસ્થા લગભગ ૯ અબજ યુએસ ડોલર સુધી પહોંચી રહી છે, જેમાં આગામી દાયકામાં તેને આશરે ૪૪ અબજ યુએસ ડોલર સુધી વિસ્તૃત કરવાનું રાષ્ટ્રીય વિઝન છે. તેમણે કહ્યું કે વિક્રમ-૧ ની સફળતા દર્શાવે છે કે કેવી રીતે નીતિગત સુધારાઓ નવીનતાને વેગ આપી શકે છે, વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સાહસો બનાવી શકે છે અને ભારતને વિશ્વના અગ્રણી અંતરિક્ષ ધરાવતાં રાષ્ટ્રોમાં સ્થાન અપાવી શકે છે.

સંપૂર્ણપણે ભારતમાં બનેલ અને વિકસિત, વિક્રમ-૧ એ દેશનું પ્રથમ ખાનગી રીતે વિકસિત ઓર્બિટલ લોન્ચ વ્હીકલ છે જે લો અર્થ ઓર્બિટમાં ૩૫૦ કિલોગ્રામ સુધીનું વજન સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે. આશરે ૨૨ મીટર ઊંચું આ લોન્ચ વ્હીકલ કેટલીય સ્વદેશી તકનીકી સિદ્ધિઓ ધરાવે છે, જેમાં ભારતનું પ્રથમ ઓલ-કાર્બન કમ્પોઝિટ ઓર્બિટલ રોકેટ, તેના ઓર્બિટલ એડ્જસ્ટમેન્ટ મોડ્યુલને પાવર આપતું ૧૦૦ ટકા 3D-પ્રિન્ટેડ લિક્વિડ એન્જિન, અદ્યતન અલ્ટ્રા-લો-શોક ન્યુમેટિક સેપરેશન સિસ્ટમ્સ અને દેશના સૌથી લાંબા મોનોલિથિક કાર્બન-કમ્પોઝિટ રોકેટ સ્ટેજીસમાંથી એકનો સમાવેશ થાય છે. આ સફળ મિશને મહત્ત્વપૂર્ણ પ્રપોઝન, એવિઓનિક્સ, ટેલિમેટ્રી, નેવિગેશન અને ફ્લાઇટ-કંટ્રોલ સિસ્ટમ્સની ચકાસણી કરી છે, જે ભારતમાંથી ભવિષ્યની વ્યાપારી ઓર્બિટલ લોન્ચ સેવાઓ માટે મજબૂત પાયો નાખે છે.



### માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીના અનુસંધાને ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરી જાહેરસભાને સંબોધિત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

# પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલનો જંગી બહુમતીથી વિજય સ્વ. યોગેશભાઈ પટેલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ હશે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ગુજરાત વિધાનસભાની ૧૪૫-માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીના અનુસંધાને વડોદરા ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમની વિશેષ ઉપસ્થિતિમાં માંજલપુર ખાતે વિશાળ જાહેરસભા યોજાઈ હતી. જાહેરસભા પૂર્ણ થયા બાદ ઉત્સાહભેર યોજાયેલી 'વિજય વિશ્વાસ બાઈક રેલી' કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી, જ્યાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર દાખલ કર્યું હતું. જાહેરસભાની શરૂઆતમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત ઉપસ્થિત સૌ આગેવાનોએ સ્વ. યોગેશભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિશાળ જાહેરસભાને સંબોધિત કરતાં જણાવ્યું હતું જણાવ્યું હતું કે, નવનિર્માણ આંદોલનથી શરૂ થયેલી સ્વ. યોગેશભાઈ પટેલની જાહેરજીવનની યાત્રા લોકસેવા, વિકાસ અને જનવિશ્વાસનું પ્રતિક બની રહી હતી. માંજલપુર પેટાચૂંટણીમાં ભાજપનો વિજય નિશ્ચિત છે તેમ જણાવતાં તેમણે કહ્યું કે, પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલના જંગી વિજય દ્વારા સ્વ. યોગેશભાઈ પટેલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ થશે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં થઈ રહેલા વિકાસયજ્ઞને વધુ બળ મળશે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી સામાન્ય કાર્યકર્તાઓને તક આપતી પાર્ટી છે અને શ્રી સતિષભાઈ પટેલ તેનું જીવંત ઉદાહરણ છે. ભાજપ જ એવો પક્ષ છે જ્યાં કોઈપણ કાર્યકર્તા પરિશ્રમ, સેવા, સમર્પણ અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાના બળે આગળ વધી શકે છે. માટે જ ભાજપાને 'Party with a drifference' કહેવાય છે. સ્વ. યોગેશભાઈ પટેલે પણ સામાન્ય કાર્યકર્તાથી શરૂઆત કરીને સતત આઠ વખત લોકવિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો અને અંતિમ શ્વાસ સુધી પ્રજા વચ્ચે રહી લોકસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્વ. યોગેશકાકાની લોકપ્રિયતા, જમીની સ્તરે તેમનું જોડાણ અને મજબૂત જનસંપર્ક આજે પણ દરેક કાર્યકર્તા માટે પ્રેરણારૂપ છે. માંજલપુરની જનતાએ હંમેશા ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે અને વિરોધી પક્ષોનાં સૂપડાં સાફ કર્યાં છે.

શ્રી જગદીશભાઈએ કહ્યું કે, ભાજપાના કાર્યકર્તાઓ દિવસ-રાત, તડકો-છાંયડો જોયા સિવાય હંમેશા કાર્યરત રહે તે જ ભાજપાની સૌથી મોટી તાકાત છે. શ્રી સતિષભાઈ પટેલને સંગઠન અને વહીવટી કામગીરીનો વર્ષોનો વિશાળ અનુભવ છે. તેમણે કોઈ પ્રકારની અપેક્ષા અને માગણી કર્યા સિવાય નિષ્ઠાપૂર્વક પક્ષ માટે માટે કાર્ય કર્યું છે. તેમણે કાર્યકર્તાઓને ઘર-ઘર સુધી પહોંચી વધુમાં વધુ મતદાન સુનિશ્ચિત કરવા અને કમળના વિજય માટે સંપૂર્ણ સમર્પણ સાથે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે આજે વિશ્વના ૩૫થી વધુ દેશોએ ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે અને ૧૯થી વધુ દેશોની સંસદોને શ્રી મોદીજીએ સંબોધિત કરી ભારતનું ગૌરવ વિશ્વભરમાં વધાર્યું છે. ગુજરાતની જનતાએ છેલ્લા ત્રણ દાયકાથી કમળના નિશાન અને ભારતીય જનતા પાર્ટી પર સતત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિકાસલક્ષી નેતૃત્વને જનતા સતત સમર્થન આપી રહી છે.



# સંગઠનાત્મક નિમણૂક

## પ્રદેશ મહિલા મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

### પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી

- શ્રી જયશ્રીબેન દોશી, કર્ણાવતી
- શ્રી છાયાબેન ગઢવી, કચ્છ
- શ્રી રિદ્ધિબેન પટેલ, સુરત જિલ્લો
- શ્રી કીર્તિબેન દાણીધારીયા, ભાવનગર
- શ્રી ગીતાબેન પટેલ, વલસાડ
- શ્રી મનોરમાબેન પ્રદીપભાઈ ખરડે, વડોદરા
- શ્રી શ્રદ્ધાબેન ચિરાગકુમાર ભડંગ, દાહોદ
- શ્રી એકતાબેન સોઢા, જામનગર

### પ્રદેશ મહામંત્રીશ્રી

- શ્રી જહાન્વીબેન વ્યાસ, ખેડા
- શ્રી ભાવનાબેન હીરપરા, જુનાગઢ
- શ્રી પુષ્પાબેન ઠાકોર, પાટણ

### પ્રદેશ મંત્રીશ્રી

- શ્રી સુમનબેન વળવી, ડાંગ
- શ્રી કામિનીબેન પંચાલ, ભરૂચ
- શ્રી ઉષાબેન ભોઈ, પંચમહાલ
- શ્રી ભીખીબેન લક્ષ્મીરાવ વોરા, બનાસકાંઠા
- શ્રી જલ્પાબેન ભાવસાર, અરવલ્લી
- શ્રી સરલાબેન મકવાણા, અમદાવાદ જિલ્લો
- શ્રી મંજુલાબેન સુચણી, સોમનાથ
- શ્રી ગીતાબેન વદર, પોરબંદર

### પ્રદેશ કોષાધ્યક્ષશ્રી

- શ્રી રચનાબેન મોતણી, દેવભૂમિ દ્વારકા

### પ્રદેશ કાર્યાલય મંત્રીશ્રી

- શ્રી પ્રિયાબેન પટેલ, ગાંધીનગર

### પ્રદેશ મહિલા મોરચાના પ્રદેશ કારોબારી સભ્યો

- શ્રી અરુણાબેન ચૌધરી, ગાંધીનગર
- શ્રી નીપાબેન પટેલ, આણંદ
- શ્રી જ્યોતિબેન માસાણી, પોરબંદર
- શ્રી સ્મૃતિબેન શાહ, જુનાગઢ જિલ્લો
- શ્રી કાશ્મીરાબેન શાહ, વલસાડ
- શ્રી જીગીષાબેન પારેખ, નવસારી
- શ્રી હેમલતાબેન રાણા, સુરત
- શ્રી સેજલબેન હેમંતભાઈ (ગોલા), તાપી
- શ્રી વર્ષાબેન તડવી, નર્મદા
- શ્રી હેમીષાબેન જયેશભાઈ ઠક્કર, વડોદરા
- શ્રી દિપ્તીબેન વાઘેલા, વડોદરા જિલ્લો
- શ્રી લીલાબેન હીરાભાઈ રાઠવા, છોટા ઉદયપુર
- શ્રી પ્રતિભાબેન પ્રકાશભાઈ પરમાર, પંચમહાલ
- શ્રી રમીલાબેન ડામોર, મહીસાગર
- શ્રી રીતુબેન રાઠી, સુરત
- શ્રી દક્ષાબેન જગદીશભાઈ ચૌધરી, સાબરકાંઠા
- શ્રી નેહાબેન પટેલ, અરવલ્લી
- શ્રી ગીતાબેન દેસાઈ, મહેસાણા
- શ્રી ભાવીશાબેન ધોળકિયા, જામનગર શહેર
- શ્રી મનીષાબેન ગોસ્વામી, અમરેલી
- શ્રી સીમાબેન જોષી, રાજકોટ જિલ્લો
- શ્રી નંદુબેન આહીર, ગીર સોમનાથ
- શ્રી નીતાબેન પરેશભાઈ લાખાણી, બોટાદ
- શ્રી રમીલાબેન મકવાણા, સુરેન્દ્રનગર
- શ્રી આરતીબેન સંઘાણી, ભાવનગર



# દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો એક ખતરનાક ટ્રેન્ડ રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે – શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો એક ખતરનાક ટ્રેન્ડ કોંગ્રેસ અને તેના નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે. તેમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવાનો નહીં, પરંતુ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરી રાજકીય લાભ લેવાનો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. પેપર લીક જેવી ગંભીર ઘટનાને રાજકારણનો વિષય બનાવવાને બદલે સંસદમાં અર્થપૂર્ણ ચર્ચા થવી જોઈએ, પરંતુ વિપક્ષ સંસદમાં સાર્થક ચર્ચા કરવાને બદલે યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, પેપર લીક કોઈ એક રાજ્ય, પક્ષ કે સરકારનો નહીં પરંતુ સમગ્ર દેશ માટે ગંભીર વિષય છે. આવી ઘટનાને રાજકીય રંગ આપવાના બદલે રાષ્ટ્રહિતમાં સૌએ સાથે મળીને ઉકેલ શોધવાનો અભિગમ અપનાવવો જોઈએ. કેન્દ્ર સરકાર માટે વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુરક્ષિત કરવું, દોષિતોને કડક સજા અપાવવી અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવું આ ત્રણ બાબતો સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, નીટ પરીક્ષા સંબંધિત ઘટનામાં કેન્દ્ર સરકારે ઝડપી અને જવાબદાર કાર્યવાહી કરી હતી. શિક્ષણ મંત્રાલયે ફરિયાદ નોંધાવી, તપાસ સીબીઆઈને સોંપી, વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરવામાં આવી અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી. સરકારે અદાલત સમક્ષ દૈનિક સુનાવણીની માંગણી કરીને દોષિતોને ઝડપથી સજા થાય તે માટે પણ પ્રયાસ કર્યો. વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખીને પુનઃ પરીક્ષા યોજાઈ, નિર્ધારિત સમયમર્યાદામાં પરીક્ષા પૂર્ણ થઈ અને સમયસર પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સફળ થયા, જેમાં વિદ્યાર્થીનીઓનું પ્રમાણ પણ નોંધપાત્ર રહ્યું. NEET ની પરીક્ષાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે કમ્પ્યુટર આધારિત પરીક્ષા પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કરાયો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે જ જાહેર કર્યું છે કે, પેપર લીકના કેસોમાં દોષિતોને શક્ય તેટલી વહેલી તકે કડકમાં કડક સજા મળે અને કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે. વિદ્યાર્થીઓના હિતોની સુરક્ષા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયો અને પગલાંની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસે લોકશાહી અને બંધારણની મર્યાદા લાંઘીને પ્રધાનમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરીને રાજકીય નાટક સર્જવાનો પ્રયાસ કર્યો તે અત્યંત નિંદનીય છે. સંસદમાં નિયમ 193 હેઠળ NEET મુદ્દે ચર્ચા માટે નોટિસ પણ આપવામાં આવી હતી. વિપક્ષ સંસદમાં ચર્ચાથી દૂર રહી દેશભરમાં અરાજકતા અને ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ પેપર લીક મુદ્દે રાજકારણ કરી રહી છે, પરંતુ તેના શાસનકાળમાં તથા કોંગ્રેસ અથવા તેના સહયોગી પક્ષોની સરકારો ધરાવતા અનેક રાજ્યોમાં પણ પેપર લીક અને ભરતી કૌભાંડો સામે આવ્યા હતા. જેમ કે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, તેલંગાણા, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પંજાબ, કેરળ અને કર્ણાટક સહિતના અનેક



# કોંગ્રેસ લોકશાહીની ગરિમાનો ભંગ કરીને અરાજકતા ફેલાવી રહી છે – શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા






શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ દેશનો યુવાન આજે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બન્યો છે. યુવાનો આજે માત્ર ‘જોબ સીકર’ નહીં, પરંતુ ‘જોબ ગીવર’ તરીકે નવી તકોનું સર્જન કરી રહ્યા છે અને ભારતે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે. વિશ્વના ૩૪થી વધુ દેશોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે જે ભારતની વૈશ્વિક સ્તરે મજબૂતીનું ઉદાહરણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાના દાયકાઓના શાસનકાળ દરમિયાન જે વિકાસકાર્યો કરી શકી નહોતી, તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટૂંકા ગાળામાં સાકાર થયા છે. પરિણામે આજે દેશના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત સમાજના દરેક વર્ગમાં ભાજપ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે અતૂટ વિશ્વાસ વ્યક્ત થઈ રહ્યો છે અને જનતા સતત ભાજપાને જનસેવાની તક આપી રહી છે. વર્ષોથી સત્તાથી દૂર રહેલી કોંગ્રેસ હવે યુવાનોને ગેરમાર્ગે દોરીને રાજકીય લાભ મેળવવાના ષડયંત્રોમાં વ્યસ્ત છે, પરંતુ ગુજરાત અને દેશની જાગૃત જનતા આવા રાજકીય ષડયંત્રોને ક્યારેય સફળ થવા દેશે નહીં.

રાજ્યોમાં પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ બની હતી. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પેપર લીક જેવા ગુનાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે કામ કરી રહી છે. સરકારે સંવેદનશીલતા અને જવાબદારી સાથે સંવાદનો માર્ગ અપનાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ વિષય અંગે સોશિયલ મીડિયામાં અનેક પ્રકારના ભ્રામક નેરેટિવ અને ફેક ન્યૂઝ ફેલાવવામાં આવ્યા.

શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજે વિપક્ષમાં વિદ્યાર્થીઓના હિત કરતાં આંદોલનનો રાજકીય શ્રેય મેળવવાની સ્પર્ધા વધુ દેખાઈ રહી છે. દેશનો યુવા અને વિદ્યાર્થી વર્ગ જાગૃત છે અને તે સત્યને ચોક્કસપણે જાણે છે. વિદ્યાર્થીઓના વિષયમાં ભાજપા સરકારનો અભિગમ રાજકારણનો નહીં પરંતુ Reforms અને Transparency નો છે. અંતમાં શ્રી વિશ્વકર્માએ દેશ અને ગુજરાતના યુવાનોને અપીલ કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભાગીદારીને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવ્યું છે. ગરીબ, યુવા, મહિલા અને ખેડૂતોના કલ્યાણ માટે અનેક ઐતિહાસિક યોજનાઓ અમલમાં મૂકાઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કાર્યો કે દેશના યુવાનો ભ્રામક રાજકારણ અને અરાજકતાની રાજનીતિથી દૂર રહી રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરશે.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સતત વિકાસની યાત્રામાં અવરોધ ઉભા કરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના સર્વાંગી વિકાસ માટે દિવસ-રાત અવિરત કાર્ય કરી રહ્યા છે. ગુજરાત ભાજપ કોંગ્રેસના ભ્રામક પ્રચાર, અરાજક રાજકારણ અને યુવાનોને ગેરમાર્ગે દોરવાના દરેક પ્રયાસની સખત શબ્દોમાં નિંદા કરે છે.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT AHMEDABAD UNACCOUNTABLE L1 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

# સેવા એ જ સંકલ્પ



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.